# રચનાત્મક કાર્યક્રમ

## તેનું રહસ્ય અને સ્થાન




**મોહનદાસ કરમચંદ ગાંધી**

પહેલી આવૃત્તિ, ૧૯૪૧

Courtesy: http://gu.wikisource.org

નવજીવન પ્રકાશન મંદિર

અહમદાબાદ ૩૮૦૦૧૪

## આમુખ

૧૯૪૧માં रचनात्मक कार्यक्रम - तेनुं रहस्य अने स्थान નામની જે ચોપડી મેં પહેલવહેલી લખી હતી તેની આ પૂરેપૂરી સુધારેલી આવૃત્તિ છે. રચનાત્મક કાર્યક્રમને અંગે જે બાબતો એમાં ગણાવવામાં આવી છે તેમનો કોઈ ખાસ ક્રમ રાખ્યો નથી; દરેકના મહત્ત્વના ક્રમમાં તો તેમને નથી જ ગણાવી. પૂર્ણ સ્વરાજની રચનાની દૃષ્ટિથી મહત્ત્વની હોય તેવી કોઈ બાબત આ કાર્યક્રમમાં સમાવવામાં આવી નથી એમ વાચકને લાગે તો તેણે એમ ન માની લેવું કે તેને જાણી જોઈને પડતી મૂકવામાં આવી છે. એવી કોઈ બાબત સૂઝે તો વાચકે બેધડક મેં ગણાવેલી બાબતોમાં તેને ઉમેરી લેવી ને મને ખબર આપવી. મેં જે યાદી બનાવી છે તેમાં રચનાકાર્યની એકેએક બાબત આવી જાય છે એવો મારો દાવો નથી; મારી યાદી કેવળ દાખલા રૂપે છે. વાચક જોશે કે આ આવૃત્તિમાં મેં પોતે કેટલીક નવી બાબતો અસલ યાદીમાં ઉમેરી છે.

વાચકો જાતે કાર્યકર્તાઓ અથવા સયંસેવકો હોય કે ન હોય; પણ તે બધાએ એક વાત બરાબર સમજી લેવી જોઈશે કે રચનાત્મક કાર્યક્રમ એ પૂર્ણ સ્વરાજ મેળવવાનો સત્ય ને અહિંસાનો રસ્તો છે. હું એમ કહું કે રચનાત્મક કાર્યક્રમનો પૂરેપૂરો અમલ એ જ પૂર્ણ સ્વરાજ છે. આપણા રાષ્ટ્રનું ઠેઠ પાયામાંથી ઘડતર કરવાને જે રચનાત્મક કાર્યક્રમ અહીં બતાવવામાં આવ્યો છે તે આખાયે કાર્યક્રમના અમલમાં આપણી ચાળીસે કરોડની વસ્તી લાગી ગઈ છે એવા ચિત્રની કલ્પના કરી જુઓ. પછી પૂર્ણ સ્વરાજનો ગમે તે અર્થ કરો, પરદેશી અમલને અહીંથી કાઢવાનો છે તે અર્થ પણ તેમાં સમાવી લો, એ બધાયે અર્થમાં આ જ પૂર્ણ સ્વરાજ છે એ વાતમાં કોઈથી તકરાર ઉઠાવી શકાશે ખરી? આ કાર્યક્રમની ટીકા કરનારા લોકો જ્યારે રચનાત્મક કાર્યક્રમ તે જ સ્વરાજ એ મારી વાતને હસી કાઢે છે ત્યારે

તેમના કહેવાનો અર્થ એટલો જ હોય છે કે આ કાર્યક્રમના અમલને માટે જે પ્રજાકીય પુરુષાર્થની અપેક્ષા રાખવામાં આવે છે તેમાં ચાળીસે કરોડ મળીને સહકાર કરે એ વાત જ બને તેવી નથી. ટીકાકારો રચનાત્મક કાર્યક્રમની આ જાતની ઠેકડી ઉડાવે છે તેમાં બેશક ઘણું તથ્ય છે. પણ એ ઠેકડીનો મારો જવાબ એ છે કે એ બધી વાત સાચી હોય તો પણ આટલો પુરુષાર્થ કરી જોવા જેવો છે. અંતરથી ને ઊલટથી કામ કરનારા કાર્યકર્તાઓનો એક સમૂહ જો દૃઢ સંકલ્પ કરીને એ કાર્યક્રમના અમલમાં લાગી જાય તો જણાશે કે એ બીજા કોઈ પણ કાર્યક્રમના જેવો જ, અને ઘણાખરાના કરતાં તો વધારે વહેવારુ છે. એ ગમે તે હો; સ્વરાજની લડતનો કાર્યક્રમ આપણે અહિંસાના પાયા પર ઘડવો હોય તો રાષ્ટ્રની આગળ આની અવેજીમાં મૂકવાને બીજો કાર્યક્રમ મારી પાસે નથી.

વ્યક્તિગત કે સમુદાયિક સવિનયભંગ અથવા સત્યાગ્રહ રચનાત્મક કાર્યને મદદરૂપ થાય છે અને સશસ્ત્ર બળાવાની અવેજીમાં બરાબર તેના જેટલું કામ આપે તેવો ઇલાજ છે. જેમ સશસ્ત્ર બળવાને માટે તાલીમની જરૂર છે તેવી જ સત્યાગ્રહને માટે પણ તાલીમની જરૂર છે. અલબત્ત, બન્ને તાલીમના રસ્તા જુદા છે. બન્નેમાં જ્યારે પ્રસંગ આવે ત્યારે જ કાર્ય થાય છે. લશ્કરી પદ્ધતિથી બળવો કરવાનો અર્થ એવો થાય કે આપણે બધાએ હથિયારો વાપરતાં શીખવું; અને હવે તો કદાચ ઍટમ બૉમ્બનો ઉપયોગ કરતાં પણ શીખવું. સત્યાગ્રહ કરવાનો અર્થ એવો થાય કે આપણે બધાએ રચનાત્મક કાર્યક્રમનાં જુદાં જુદાં અંગોનો અમલ કરવો.

તેથી એ વાત સાબિત થાય છે કે, કાર્યકર્તાઓ સત્યાગ્રહ કરવાને માટે કદી પ્રસંગો ખોળ્યા ન કરે. ખુદ રચનાકાર્યને અટકાવવાનો કે તેને વિફળ કરવાનો પ્રયાસ થાય, તેવે પ્રસંગે સત્યાગ્રહ કરવાને માત્ર તેમણે તૈયાર રહેવું જોઈશે. સત્યાગ્રહ કયે પ્રસંગે કરવો જોઈએ ને કયે પ્રસંગે ન કરવો જોઈએ એ બાબતો એકબે દાખલા પરથી સમજાશે. આપણે જાણીએ છીએ કે રાજકારણના ક્ષેત્રમાં અમુક

પ્રકારના કરારો થતા અટકાવવામાં આવ્યા છે, અને થતા અટકાવી શકાય એમ બને; પરંતુ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે મૈત્રી બંધાય તેને ન અટકાવી શકાય; એટલે કે અટકાવવાનો પ્રયાસ થાય તો તેની સામે સત્યાગ્રહ કરવો પડે. આ પ્રકારની નિ:સ્વાર્થ અને સાચી મૈત્રી જ રાજકીય કરારોના પાયારૂપ થવી જોઈએ. એવી જ રીતે ખાદીના એકકેન્દ્રી ઉત્પાદનને સરકાર રોકી શકે; ખાદીના વ્યક્તિગત એટલે કે સૌ સૌના ઉપયોગ પૂરતા ઉત્પાદનને ને તેવા જ વપરાશને અટકાવવાની કોઈ સત્તાની તાકાત નથી. એટલે ખાદીની પેદાશનું કાર્ય અને તેને વાપરવાની ફરજ લોકો પર જબરદસ્તીથી ઠોકી બેસાડવાનું બરાબર નહીં થાય; આપણી મુક્તિની લડતના એક અંગ લેખે લોકોએ તેને સમજપૂર્વક ને રાજીખુશીથી આપમેળે સ્વીકારવી જોઈશે. આપણે આપણાં ગામડાંને આપણી વ્યવસ્થાનો ને રચનાનો છેવટનો ઘટક ગણતા થઈએ તો જ ઠેઠ નીચેથી રચનાત્મક કાર્યક્રમના ખાદીના અંગનો અમલ થાય તેવો છે. આ જાતના કાર્યક્રમનો અમલ શરૂ કરનારા ને તેને માટે નવો ચીલો પાડનારા લોકોને પણ રોકવાનો પ્રયાસ થાય એમ બને. આખી દુનિયામાં નવો ચીલો પાડવા નીકળનારા લોકોને મુસીબતોની તાવણીમાંથી પસાર થવું પડ્યું છે. પણ કષ્ટો વેઠ્યા વિના સ્વરાજની પ્રાપ્તિ છે ખરી? હિંસાને રસ્તે સત્યને સૌથી પહેલાં અને સૌથી વધારે વેઠવું પડે છે; અહિંસાને માર્ગે તેનો સદૈવ વિજય થાય છે. ઉપરાંત આજે જે લોકોની સરકાર બનેલી છે, એટલે કે જે લોકો તેનું તંત્ર ચલાવે છે તેમને આપણા દુશ્મન માની લેવાની જરૂર નથી. તેમને દુશ્મન ગણીને ચાલવું એ અહિંસાથી ઊલટી વાત થાય. આપણે એ લોકોથી છૂટા થઈ જવું છે; પણ બે મિત્રો જુદા પડે તેમ જુદા થવું છે.

રચનાત્મક કાર્યક્રમ રજૂ કરતાં પહેલાં મેં ઉપર જે વાત કરી છે તે જો વાચકના દિલમાં વસી હશે તો એ કાર્યક્રમમાં અને તેના અમલના કાર્યમાં અખૂટ રસ રહેલો છે એ વાત તેને સમજાશે; એટલું જ નહીં, રાજકારણને નામે જે પ્રવૃત્તિ ઓળખાય

છે, અને સભાઓમાં ભાષણો ઝૂડવાની જે પ્રવૃત્તિ છે તેના જેટલો જ ઊંડો રસ આ પ્રવૃત્તિમાં પણ પડે તેમ છે. કંઈ નહીં તો આ રચનાત્મક પ્રવૃત્તિ ખસૂસ વધારે મહત્ત્વની ને વધારે ઉપયોગી છે.

પૂના, ૧૩-૧૧-૧૯૪૫

મો.ક. ગાંધી

## પ્રાસ્તાવિક

રચનાત્મક કાર્યક્રમને બીજી રીતે અને વધારે ઘટિત નામથી ઓળખાવીએ તો સત્ય ને અહિંસાનાં સાધન વડે પૂર્ણ સ્વરાજ એટલે કે સંપૂર્ણ સ્વતંત્રતાની રચના કહી શકાય.

સ્વતંત્રતાને નામે ઓળખાતી વસ્તુની હિંસા વડે અને તેથી ખસૂસ અસત્યનાં સાધનો વડે થતી રચનાના પ્રયાસો કેટલા બધા દુઃખદાયક હોય છે તે આપણે બરાબર જાણીએ છીએ. હાલ ચાલી રહેલી લડાઈમાં રોજેરોજ કેટલી મિલકતની ને કેટલાં માણસોની ખુવારી થઈ રહી છે, ને સત્યનું કેવું ખૂન થઈ રહ્યું છે !

સત્ય ને અહિંસા વડે સંપૂર્ણ સ્વતંત્રતાની સિદ્ધિ એટલે ન્યાતજાત, વર્ણ કે ધર્મના ભેદ વિના રાષ્ટ્રના એકેએક ઘટકની, અને તેમાંયે તેના રંકમાં રંક ઘટકની સ્વતંત્રતાની સિદ્ધિ. આવી સ્વતંત્રતામાંથી કોઈનેયે અળગા રાખવાપણું ન હોય. અને તેથી રાષ્ટ્રની બહાર બીજાં રાષ્ટ્રો સાથેના અને પ્રજાની અંદર તેના જુદા જુદા વર્ગોના પરસ્પરાવલંબન સાથે એ સ્વતંત્રતાનો પૂરેપૂરો મેળ હશે. અલબત્ત, જેમ આપણે દોરેલી કોઈ પણ લીટી યુક્લિડની તાત્ત્વિક વ્યાખ્યાની લીટીના કરતાં અધૂરી હોય તેમ તાત્ત્વિક સિદ્ધાંતના કરતાં તેનો વહેવારમાં અમલ અધૂરો રહે છે. તેથી જેટલા પ્રમાણમાં આપણે સત્ય ને અહિંસાનો વહેવારમાં અમલ કરીશું તેટલા જ પ્રમાણમાં આપણે મેળવેલી સંપૂર્ણ સ્વતંત્રતા સંપૂર્ણ હશે.

વાચક આખા રચનાત્મક કાર્યક્રમનો નકશો પોતાના મનમાં દોરી જોશે તો તે મારી વાત કબૂલ રાખશે કે, એ કાર્યક્રમનો સફળ અમલ થાય તો તેનું ફળ આપણને જે સ્વતંત્રતા જોઈએ છે તે જ હશે. ખુદ મિ.ઍમરીએ નથી કહ્યું કે, હિંદના મુખ્ય મુખ્ય પક્ષો જે સમજૂતી કરશે તેને માન્ય રાખવામાં આવશે ? મિ.ઍમરીની વાતને મારી

ભાષામાં હું એવી રીતે કહું કે કોમી એકતા, જે રચનાત્મક કાર્યક્રમના અનેક મુદ્દાઓ પૈકીનો કેવળ એક મુદ્દો છે તેની સિદ્ધિ પછી થયેલી સર્વ પક્ષો વચ્ચેની સમજૂતીને બ્રિટિશ સરકાર માન્ય રાખશે. મિ.ઍમરીએ આ વાત સાચા દિલથી કરી છે કે નહીં તે વિશે શંકાકુશંકા કરવાની જરૂર રહેતી નથી કેમ કે, એ જાતની એકતા જો પ્રામાણિકપણે એટલે કે અહિંસા દ્વારા સધાય તો તે પછી થયેલી સમજૂતીની પોતાની અસલ તાકાત જ એવી થશે કે, સર્વ પક્ષોએ મળીને કરેલી માગણીનો સ્વીકાર કર્યા વિના કોઈનો છૂટકો નહીં થાય.

આથી ઊલટું હિંસા દ્વારા સિદ્ધ થયેલી સ્વતંત્રતાની કાલ્પનિક તો શું, સંપૂર્ણ કહી શકાય તેવી વ્યાખ્યાયે નથી. કેમ કે એ જાતની સ્વતંત્રતામાં રાષ્ટ્રનો જે પક્ષ હિંસાનાં સાધનોને સૌથી વધારે અસરકારક રીતે યોજી શકશે તેની દેશમાં હાક વાગશે, એ વાતનો સહેજે સમાવેશ થઈ જાય છે. એવા પૂર્ણ સ્વરાજમાં આર્થિક શું કે બીજી શું, કોઈ પણ પ્રકારની સંપૂર્ણ સમાનતાનો ખ્યાલ સરખો થઈ શકે તેવો નથી.

પરંતુ મારો આશય અત્યારે તો વાચકને એટલું જ ઠસાવવાનો છે કે, સ્વરાજ્યસ્થાપનાના અહિંસક પુરુષાર્થમાં રચનાત્મક કાર્યક્રમનો સમજીને અમલ કરવાની જરૂર છે; અને તેથી પૂર્ણ સ્વરાજની સિદ્ધિને માટે હિંસાનું સાધન જરાયે કામ આવે એવું નથી, એ મારી દલીલ તેણે સ્વીકારવાની જરૂર નથી. હિંસાની કોઈ યોજનામાં રાષ્ટ્રના રંકમાં રંક ઘટકની સ્વતંત્રતા પણ સમાવી શકાય એમ વાચકને માનવું હોય તો ખુશીથી માને; પણ તેની સાથે એટલું કબૂલ રાખવાનું બની શકતું હોય કે રચનાત્મક કાર્યક્રમનો બરાબર અમલ થાય તો તેમાંથી એ પ્રકારની સ્વતંત્રતા અચૂક નીપજે તો વાચકની સાથે તેની માન્યતા માટે મારે અત્યારે તકરાર કરવી નથી.

હવે આપણે રચનાત્મક કાર્યક્રમનાં જુદાં જુદાં અંગો તરફ વળીએ.

## ૧. કોમી એકતા

કોમી એકતાની જરૂર સૌ કોઈ સ્વીકારે છે. પણ બધા લોકોને હજી એટલી સમજ નથી પડી કે એકતાનો અર્થ કેવળ રાજકીય એકતા નથી. રાજકીય એકતા બળજબરીથી પણ લાદી શકાય. એકતાનો સાચો અર્થ છે દિલની તોડી તૂટે નહીં તેવી દોસ્તી. એવી જાતની એકતા સિદ્ધ કરવાને માટે સૌથી પહેલી જરૂર એ છે કે મહાસભાવાદી ગમે તે ધર્મનો હોય પણ હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યહૂદી વગેરે સૌને પોતાના પ્રતિનિધિ સમજે; એટલે કે ટૂંકમાં હિંદુ કે બિનહિંદુ સૌનો પોતે પ્રતિનિધિ છે એમ માને. હિંદુસ્તાનના કરોડો વતનીઓ પૈકીના એકેએકની સાથે તે આત્મીયતા અનુભવે; એટલેકે તેનાં સુખદુઃખનો હું ભાગીદાર છું એમ સમજે. આવી આત્મીયતા સિદ્ધ કરવાને સારુ એકેએક મહાસભાવાદી પોતાના ધર્મથી જુદો ધર્મ પાળનારા લોકો સાથે અસંગત દોસ્તી બાંધે. વળી તેને પોતાના ધર્મને માટે જેવો પ્રેમ હોય તેવો જ તે બીજા ધર્મો પર રાખે.

આ જાતની આપણી સુખદ સ્થિતી હશે ત્યારે રેલ્વેના સ્ટેશનો પર આજે આપણને શરમાવનારી 'હિન્દુ ચા' ને 'મુસ્લીમ ચા' તથા 'હિંદુ પાણી' ને 'મુસલમાન પાણી' જેવી બૂમો પડે છે તે સાંભળવાની નહીં હોય વળી તે સ્થિતીમાં આપણી નિશાળોમાં ને કૉલેજોમાં હિંદુની ને બિનહિંદુની પાણી પીવાની જુદી ઓરડી કે જુદાં વાસણો કોમી નિશાળો, કોમી કૉલેજો કે કોમી ઇસ્પિતાલો પણ નહીં હોય. આવી ક્રાંતિની શરૂઆત મહાસભાવાદીઓએ કરવી જોઇશે અને સાથે સાથે પોતાના યોગ્ય વર્તનથી તેમણે કોઈ રાજકીય ફાયદો મેળવી લેવાનો ખ્યાલ છોડી દેવો જોઈએ. રાજકીય એકતા તો તેમના સાચા વર્તનમાંથી કુદરતી રીતે આવીને ઊભી રહેશે.

આપણે લાંબા વખતથી એમ માનવાને ટેવાયા છીએ કે પ્રજાને સત્તા કેવળ ધારાસભાઓ મારફતે મળે છે. આ માન્યતાને હું આપણી એક ગંભીર ભૂલ માનતો આવ્યો છું. એ ભ્રમનું કારણ કાં તો આપણી જડતા છે, કાંતો અંગ્રેજોના રીતરિવાજોએ આપણા પર જે ભૂરકી નાખી છે તે છે. બ્રિટિશ લોકોના ઈતિહાસના ઉપરચોટિયા અભ્યાસ પરથી આપણે એવું સમજ્યા છીએ કે, રાજ્યતંત્રની ટોચે આવેલી પાર્લમેન્ટોમાંથી સત્તા ઝમીને પ્રજાની અંદર ઊતરે છે. સાચી વાત એ છે કે, સત્તા લોકોમાં વસે છે, લોકોની હોય છે, અને લોકો પોતાના પ્રતિનિધિઓ તરીકે વખતો વખત જેમને પસંદ કરે છે તેમને તેટલા વખત પૂરતી તેની સોંપણ કરે છે. અરે, લોકોથી સ્વતંત્ર એવી પાર્લમેંન્ટોની સત્તા તો શું, હસ્તીયે હોતી નથી. છેલ્લાં એકવીસથીયે વધારે વર્ષોથી આટલી સીધીસાદી વાત લોકોને ગળે ઉતારવાને હું મથ્યા કરું છું. સત્તાનો અસલ ભંડાર તો સત્યાગ્રહ અથવા સવિનય ભંગની તાકાત છે. એક આખી પ્રજા પોતાની ધારાસભાના કાયદાઓ પ્રમાણે ચાલવાનો ઈનકાર કરે, અને એવા સવિનયભંગના પરિણામો વેઠવાને તૈયાર થાય તો શું થાય તેની કલ્પના કરો! એવી પ્રજા સરકારના ધારાસભાના ને વહીવટી તંત્રને આખું ને આખું થંભાવી દેશે. સરકારનું , પોલીસનું ને લશ્કરનું બળ, ગમે તેવી જબરી હોય તો પણ લઘુમતીને દબાવવા પુરતું જ કામ આવે છે. પણ આવી પડે તે બધું સહન કરવાને જે આખી પ્રજા તૈયાર હોય તેના દ્રઢ સંકલ્પને નમાવવા કોઈ પોલીસની કે કોઈ લશ્કરની જબરદસ્તી કામ આવતી નથી.

વળી પાર્લમેન્ટની પદ્ધતિનો રાજવહીવટ પાર્લમેન્ટના બધા સભ્યો વધુમતીથી થયેલા નિર્ણયોને તાબે થવાને ખુશી હોય તો જ ઉપયોગી થાય છે. બીજા શબ્દોમાં એમ કહેવાય કે પાર્લમેન્ટની રાજ્યપદ્ધતિનો વહીવટ પરસ્પર અનુકૂળ સમૂહોમાં જ ઠીક ઠીક કામ આપે છે.

હવે અહીં હિંદુસ્તાનમાં બ્રિટિશ સરકારે કોમી ધોરણે અલગ અલગ મતદારમંડળો ઊભાં કર્યાં છે ને તેને લીધે જેમનો પરસ્પર મેળ ન ખાય એવા આપણા કૃત્રિમવાડાઓ બંધાઈ ગયાં છે; અને તે વ્યવસ્થામાં આપણે પાર્લમેન્ટની પદ્ધતિના રાજવહીવટાનો ડોળ કરવા આવ્યા છીએ. આવા પરસ્પર મેળ વગરના જુદા જુદા કૃત્રિમ ઘટાકોને એક જ તખ્તા પર સમાન કાર્ય ને માટે ભેગા કરવાથી જીવન્ત એકતા કદી સિદ્ધ થવાની નથી. આ જાતની ધારાસભાઓ મારફતે રાજવહીવટનું કામ ગમે તેવું પણ ગબડતું રહે છે એ ખરું ; પણ તેમના તખ્તાઓ પર ભેગા થઈને આપણે અંદર આંદર ઝગડ્યાં કરવાના ને જે કોઈ આપણા પર હકૂમત ચલાવતા હોય તેમની પાસે થી વખતો વખત મળતા સત્તાના ટુકડાઓ વહેંચી ખાવાને તલપ્યા કરવાના . પેલા હકૂમત ચલાવનારાઓ આપણને સખત હાથે કાબૂમાં રાખે છે ને પરસ્પર વિરોધી તત્વોને બાઝી પડતાં રોકે છે. આવી નામોશીમાંથી પૂર્ણ સ્વરાજ પ્રગટ થાય એ વાત હું અસંભવીત માનું છું.

ધારાસભાઓ અને તેમનાં કાર્યો વિશે મારા આવા કડક વિચારો છે; છતાં હું એવા નિર્ણય પર આવ્યો છું કે, જ્યાં સુધી ચૂંટણીથી રચાતી પ્રતિનિધિ સંસ્થાઓને માટે ખોટા ઉમેદવારો ઊભા રહે છે ત્યાં સુધી તે સંસ્થાઓમાં પ્રગતિવિરોધી લોકોને ઘૂસી જતા અટકાવવાઅને કોંગ્રેસે પોતાના ઉમેદવારો ઊભા રાખવા જોઈશે.

## ૨. અસ્પૃશ્યતાનિવારણ

છેક આજની ઘડીએ હિંદુ ધર્મને વળગેલા અસ્પૃશ્યતારૂપી શાપ ને કલંકને ધોઈ કાઢવાની જરૂરને વિશે લંબાણથી લખવાની જરૂર નથીઆ બાબતમાં . પણ મારે દિલગીરી સાથે .મહાસાભાવાદીઓએ ઘણું કર્યું છે એ વાત સાચી છે કહેવું પડે છે કે ઘણા મહાસાભાવાદીઓએ અસ્પૃશ્યતાનિવારણને હિંદુઓને લાગેવળગે છે તેટલા પ્રમાણમાં ખુદ હિંદુ ધર્મની હયાતીને માટે અનિવાર્ય ગણવાને બદલે કેવળ રાજકીય ગરજની એક બાબત ગણી છેહિંદુ કોંગ્રેસીઓ આ . કાર્ય કરવામાં પોતાની સાર્થકતા છે એમ માનીને તેને ઉપાડી લે તો 'સનાતાની'ઓને નામે ઓળખાતા તેમના ધર્મબંધાવો પર આજ સુધી જેટલી અસર પડી છે તેના કરતાં અનેકગણી વધારે અસર પહોચાડીને તેમનું દિલ પલટાવી શકશે .'સનાતાની'ઓ પાસે તેમણે લડવાના જુસ્સામાં નહીં પણ પોતાની અહિંસાને છાજે તેવી મિત્રાચારીની લાગણીથી પહોંચવું જોઈએઅને ખુદ હરિજનોની . બાબતમાં તો એકેએક હિંદુએ તેમના કાર્યને પોતાનું માનીને તેમને મદદગાર થવું જોઈએ, અને તેમના અકળાવી મૂકે તેવા ભયાનક અળગાપણામાં તેમની પડખે જઈને ઊભા રહેવું જોઈએ; અને એ વાતનો તો કોણ ઇનકાર કરશે કે આપણાં હરિજન ભાઈબહેનોને બાકીના હિંદુઓ પોતનાથી બાદ રાખે છે ને પરિણામે તેમને જે બિહામણું ને રાક્ષસી અળગાપણું વેઠવું પડે છે તેનો જોટો દુનિયામાં બીજે ક્યાંય શોધેલો જડે તેમ નથી? આ કામ કેટલું કપરું છે તે હું અનુભવે જાણું છુંપણ . સ્વરાજ્યની ઇમારત ઊભી કરવાનું જે કાર્ય આપણે લઈ બેઠા છીએ તેનો જ આ અને અલબત્ત એ સ્વરાજ સુધી પહોંચવાનો રસ્તો સીધા ચડાણનો ને .એક ભાગ છે એ રસ્તે કેટલાયે લપસણા ચડાણ ન .સાંકડો છે ે કેટલીયે ઊંડી ખાઈઓ છેપણ . છેક ટોચે પહોંચીને મુક્તિની હવા લેવાને એ બધા ચડાણો ને એ બધી ખાઈઓને .જરાયે ડગ્યા વિના સ્થિર પગલું રાખીને આપણે વટાવવી જોઇશે

## ૩. દારૂબંધી

કોમી એકતા અને અસ્પૃશ્યતાનિવારણની માફક દારૂબંધીની બાબત રાષ્ટ્રીય મહાસભાના કાર્યક્રમમાં છેક ૧૯૨૦ની સાલથી સમાવવામાં આવી છે, છતાં એ અત્યંત જરૂરી સામાજિક તેમ જ નૈતિક સુધારાના કામમાં મહાસભાવાદીઓએ જે રસ લેવો જોઈતો હતો તે લીધો નથી. આપણે આપણું ધ્યેય અહિંસક પુરુષાર્થને રસ્તે મેળવવું હોય તો અફીણ, દારૂ વગેરે પદાર્થોના વ્યસનમાં સપડાયેલાં આપણાં કરોડો ભાઈબહેનોનું ભાવિ ભવિષ્યની સરકારની મહેરબાની કે મરજી પર લટકતું ન રાખીએ.

આ બદી દૂર કરવાના કાર્યમાં દાક્તર લોકો સૌના કરતાં અસરકારક તેમજ ઉપયોગી ફાળો આપી શકે. દારૂના તેમજ અફીણના પંજામાં સપડાયેલા વ્યસનીઓને તેમાંથી છોડાવવાના ઉપાયો તેમણે ખોળી કાઢીને અજમાવવા જોઈશે.

આ સુધારાના કાર્યને આગળ વધારવામાં સ્ત્રીઓને અને વિદ્યાર્થીઓને ખાસ તક છે. પ્રેમથી કરેલી સેવાનાં અનેક નાનાંમોટાં કાર્યો દ્વારા તે બંને વર્ગો વ્યસનીઓના દિલ પર એવો કાબૂ જમાવશે કે પોતાની ભૂંડી કુટેવ છોડવાને પોતાનાં આ પ્રેમાળ સેવકોએ કરેલી અરજ કાને ધર્યા વિના તેમનો છૂટકો નહીં થાય.

રાષ્ટ્રીય મહાસભાની સમિતિઓ આનંદ આપે તેવાં રંજનનાં મથકો કે વિશ્રાંતિગૃહો ઉઘાડે, જ્યાં થાક્યાપાક્યા મજૂરો પોતાનાં અંગોને આરામ આપી શકે, ચોખ્ખાં અને તંદુરસ્તી આપનારાં પીણાં કે સોંઘી નાસ્તાની વસ્તુઓ મેળવી શકે અને મનગમતી તેમજ અનુકૂળ રમત-ગમતો રમી શકે. આ બધું કામ મનને ખૂબ આકર્ષે તેવું ને હૃદયને કેળવીને ઊંચે ચડાવનારું છે. સ્વરાજ મેળવવાનો અહિંસાનો રસ્તો તદ્દન

નવો છે, તે માર્ગે જૂનાં મૂલ્યોને ઠેકાણે નવા મૂલ્યો સ્વીકારવાના રહે છે. જૂની વાતોને નવી રીતે ઓળખવાની રહે છે. સ્વરાજ્યપ્રાપ્તિના હિંસાના રસ્તામાં આ જાતના સુધારાઓને કદાચ સ્થાન પણ ન હોય.

એ રસ્તાને વિશે શ્રદ્ધા ધરાવનારા લોકો સ્વરાજ્ય મેળવી લેવાની અધીરાઇને કારણે અથવા કહો કે પોતાના અજ્ઞાનને કારણે આવી બધી બાબતો મુક્તિ મેળવ્યા પછી સાધવાની છે એમ માનશે, અને તેથી તે દિવસ સુધી તેમનો અમલ મુલતવી રાખશે. પરંતુ એ લોકો એક વાત ભૂલી જાય છે; કાયમની અને એબ વગરની સાચી મુક્તિ અંતરમાંથી પ્રગટ થાય છે, એટલે કે આત્મશુદ્ધિથી મળે છે. રચનાત્મક કાર્ય કરનારા કાયદાથી કરવાની દારૂબંધીના કાર્યને રસ્તો નહીં પાડી આપે તોયે તેને સહેલું કરી શકશે અને તેની સફળતાને માટે ભૂમિકા તૈયાર કરી રાખશે.

## ૪. ખાદી

ખાદીનો વિષય ચર્ચાસ્પદ છે. ઘણાં લોકોને એમ લાગે છે કે, ખાદીની હિમાયત કરવામાં હું સામે પવને હોડી હાંકવાની મૂર્ખાઈ કરું છું, તેથી આખરે સ્વરાજનું વહાણ ડુબાડવાનો છું ને દેશને પાછો અંધકારના જમાનામાં ધકેલી રહ્યો છું. આ ટૂંકા અવલોકનમાં મારે ખાદીની તરફેણની દલીલો કરવી નથી. એ દલીલો મેં બીજે પૂરેપૂરી કરેલી છે. અહીં તો દરેક મહાસભાવાદી અને આમ જુઓ તો એકેએક હિંદી ખાદીકાર્યને આગળ વધારવાને શું કરી શકે તે જ બતાવવાનો મારો ઇરાદો છે. ખાદી એટલે દેશના બધા વતનીઓની આર્થિક સ્વતંત્રતા તેમ જ સમાનતાની શરૂઆત. પણ કોઇ વસ્તુ કેવી છે તે વાપરવાથી જણાય, ઝાડનું પારખું તેનાં ફળથી થાય. તેથી હું જે કંઇ કહું છું તેમાં સાચી વાત કેટલી છે તે દરેક સ્ત્રીપુરુષ જાતે અમલ કરીને શોધી લે. વળી ખાદીમાં જે જે બાબતો સમાયેલી છે તે બધી સાથે ખાદીનો સ્વીકાર કરવો જોઇએ. ખાદીનો એક અર્થ એ છે કે, આપણે દરેકે પૂરેપૂરી સ્વદેશ વૃત્તિ કેળવવી જોઈએ ને રાખવી જોઈએ; એટલે કે જીવનની સઘળી જરૂરિયાતો હિંદમાંથી અને તેમાંય આપણાં ગામડાંઓમાં રહેનારી આમજનતાની મહેનત તથા બુદ્ધિથી નીપજેલી ચીજો વડે પૂરી કરી લેવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઈએ. અત્યારે આ બાબતમાં આપણો જે ક્રમ છે તે ઉલટાવી નાખવાની આ વાત છે. એટલે કે આજે હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંઓને ચૂસીને પાયમાલ કરી હિંદનાં તેમ જ ગ્રેટ બ્રિટનનાં મળીને પાંચ પંદર શહેરો ગબ્બર થાય તેને બદલે તે બધાં ગામડાંઓ સ્વાવલંબી તેમ જ સ્વયં સંપૂર્ણ થાય અને બંને પક્ષને લાભ થાય તે રીતે પોતાની ખુશીથી હિંદનાં શહેરોને અને બહારની દુનિયાનેયે ઉપયોગી થાય.

આનો અર્થ એવો થાય છે કે આપણામાંથી ઘણાએ પોતાના માનસમાં તેમ જ રુચિમાં ધરમૂળથી પલટો કરવો જોઈશે અહિંસાનો રસ્તો ઘણી બાબતોમાં બહુ સુતરો છે તો વળી બીજી ઘણી બાબતોમાં બહુ કપરો છે . તે હિંદુસ્તાનનાં એકેએક વતનીના જીવન પર ઊંડી અસર કરે છે, પોતાની અંદર સૂતેલી ને આજ સુધી અણછતી રહેલી શક્તિઓનું તેને ભાન કરાવી તે શક્તિ ને સત્તા આપણી પાસે છે એવા જ્ઞાનથી તેને ઉત્સાહ આપે છે અને હિંદી માનવસમૂહનાં મહાસાગરનાં અનેક ટીપાં માંનું હું પણ એક છું એવા અનુભવથી તે મગરૂબ થાય છે. જમાનાઓથી જે માંદલી વૃત્તિને આપણી ભૂલમાં આપણે અહિંસા કહેતા હતા ને મનતા હતા તે અહિંસા આ નથી. માનવજાતિએ આજ સુધી જે અનેક શક્તિઓ જોઈ છે તે બધી કરતાં આ અહિંસા વધારે જોરાવર શક્તિ છે, ને તેના પર જ માનવજાતિની હયાતીનો આધર છે. વળી આ અહિંસા તે શક્તિ છે જેનો મહાસભાને અને તેની મારફતે આખી દુનિયાને પરિચય કરાવવાનો મેં પ્રયાસ કર્યો છે. મારે મન ખાદી હિંદુસ્તાનની આખી વસ્તીની એકતાનું, તેના આર્થિક સ્વાતંત્રય ને સમાનતાનું પ્રતીક છે અને તેથી જવાહરલાલના કાવ્યમય શબ્દોમાં કહું તો 'હિંદની આઝાદીનો પોશાક છે.'

વળી ખાદીમાનસનો અર્થ થાય છે જીવનની જરૂરિયાતોની પેદાશ તેમજ વહેંચણીનું વિકેંદ્રીકરણ. તેથી આજ સુધીમાં જે સિદ્ધાંત ઘડ્યો છે તે એ છે કે, દરેકેદરેક ગામે પોતપોતાની સઘળી જરૂરિયાત જાતે પેદા કરી લેવી અને ઉપરાંત શહેરોની જરૂરિયાતો પૂરી કરવાને ખાતર થોડીક વધારે પેદાશ કરવી.

મોટા ભાગના ઉદ્યોગો તો અલબત્ત એકકેન્દ્રી તેમ જ રાષ્ટ્રને હસ્તક રાખવા પડશે. પણ આખું રાષ્ટ્ર મળીને જે વિરાટ આર્થિક પ્રવૃત્તિ ગામડાંઓમાં ચલાવશે તેનો આ તો નજીવો ભાગ રહેશે.

આટલે સુધી ખાદીમાં કઈ કઈ બાબતો સમાયેલી છે તેની સમજૂતી આપીને હવે તેનું કાર્ય આગળ વધારવાને મહાસભાવાદીઓ શું શું કરી શકે ને તેમણે શું શું કરવું તે મારે બતાવવું જોઈએ. ખાદીની બનાવટમાં આટલી બાબતો આવે છે: કપાસ ઉગાડવો, કપાસ વણવો, તેને ઝૂડવો, સાફ કરવો ને લોઢવો, રૂ પીંજવું, પૂણીઓ બનાવવી, કાંતવું, સૂતરની પવાયત કરવી કે તેને કાંજી પાવી, સૂતરને રંગવું, તેનો તાણો પૂરવો ને વાણો તૈયાર કરવો, વણાટ અને ધોલાઈ. આ માંથી રંગાટી કામ સિવાયનાં બાકીનાં બધાં કામો ખાદીને અંગે જરૂરી તેમ જ મહત્વનાં છે, ને કર્યા વિના ચાલે તેવાં નથી. એમાંનું એકેએક કામ ગામડાંઓમાં સારી રીતે થઈ શકે તેવું છે, અને હકીકતમાં અખિલ ભારત ચરખા સંઘ હિંદભરનાં જે અનેક ગામડાંઓમાં કાર્ય કરે છે તે બધાં માં એ કામો આજે ચાલુ છે . સંઘનાં છેલ્લા અહેવાલ મુજબ આ કામોને લાગતા નીચે મુજબનાં રસિક આંકડાઓ છે.

૧૯૪૦ની સાલમાં ૧૩,૪૫૧થીયે વધારે ગામડાંઓમાં વેરાયેલાં, ૨,૭૫,૧૪૬ ગામડાંનાં વતનીઓને કાંતણ ,પીંજણ, વણાટ વગેરે મળીને કુલ ૩૪,૮૫,૬૦૯ રૂપિયા મજૂરી પેટે મળ્યા હતા. આ સંખ્યામાં ૧૯,૬૪૫ હરિજન અને ૫૭,૩૭૮ મુસલમાનો હતા, અને કાંતનારાંમાં મોટા ભાગની સ્ત્રીઓ હતી.

પણ મહાસભાવાદીઓ સાચા દિલથી ને ઊલટથી ખાદીનો કાર્યક્રમ અમલમાં મૂકે તો જેટલું કામ નીપજે તેનો આ બહુ તો સોમો ભાગ થાય. ગામડાંઓમાં ચાલતા અનેક ઉદ્યોગો પૈકીના આ મુખ્ય ઉદ્યોગનો અને તેની આજુબાજુ વીંટળાયેલા હાથ કારીગરીના અનેક ધંધાઓનો વગર વિચારે ને ફાવે તેમ તેમ જ નિર્દય પણે નાશ કરવામાં આવ્યો ત્યારથી આપણાં ગામડાઓમાંથી બુદ્ધિ ને નૂર ઊડી ગયાં, તે બધાં ઝાંખા ને ચેતન વગરનાં થઈ ગયાં, અને તેમની દશા તેમનાં પોતાનાં ભૂખે મરતાં ને દૂબળાં ઢોર જેવી થઈ ગઈ.

ખાદીના કામને અંગે મહાસભા તરફથી જે હાકલ કરવામાં આવી તેને મહાસભાવાદીઓ વફાદાર રહેવા માગતા હોય તો ખાદી કાર્યની યોજનામાં તેમણે કેવી રીતે ને કેટલો ભાગ લેવાનો છે તે વિશે જે જે સૂચનાઓ અખિલ ભારત ચરખા સંઘ તરફથી વખતો વખત કાઢવામાં આવે છે તેમનો તેમણે બરાબર અમલ કરવો જોઈએ. અહીં તો હું થોડાક સામાન્ય નિયમો જણાવું.

૧. જે જે કુટુંબ પાસે નાનો સરખોયે જમીનનો કકડો હોય તેણે ઓછામાં ઓછો પોતાના વપરાશ પૂરતો કપાસ ઉગાડી લેવો. કપાસ ઉગાડવાનું કામ પ્રમાણમાં બહુ સહેલું છે. એક જમાનામાં બિહારના ખેડૂતો પર કાયદાથી એવી ફરજ લાદવામાં આવી હતી કે પોતાની ખેડી શકાય તેવી જમીનના ૩/૨૦ ભાગમાં તેમણે ગળીનું વાવેતર કરવું. આ ફરજ પરદેશી નીલવરોના સ્વાર્થને ખાતર ખેડૂતો પર નાખવામાં આવી હતી. તો આપણે રાષ્ટ્રના હિતને ખાતર આપણી જમીનના થોડાં ભાગમાં આપમેળે સમજીને ખુશીથી કપાસ કેમ ન કરીએ? આહીં વાચકના ધ્યાન પર એ વાત આવી જશે કે ખાદી કામના જુદાં જુદાં અંગોમાં વિકેંદ્રીકરણનું તત્ત્વ છેક પાયામાંથી દાખલ થાય છે. આજે કપાસનું વાવેતર ને ખેતી એક જ ઠેકાણે મોટા પાયા પર કરવામાં આવે છે અને હિંદના દૂર દૂરના ભાગોમાં તે મોકલવો પડે છે. લડાઈ પહેલાં એ બધો કપાસ મોટે ભાગે ઈંગ્લંડ અને જાપાન મોકલવામાં આવતો હતો. પહેલાં કપાસની ખેતી કપાસનું વેચાણ કરીને રોકડ નાણું મેળવવાના હેતુથી કરવામાં આવતી હતી અને હજી યે તેમજ થાય છે, અને તેથી કપાસ કે રૂના બજારની તેજીમંદી ખેડૂતની આવક પર અસર કરે છે. ખાદીકાર્યની યોજનામાં કપાસની ખેતી આ સટ્ટામાંથી ને જુગારના દાવ જેવી હાલતમાંથી ઊગરી જાય છે. એ યોજનામાં ખેડૂત પ્રથમ પોતાની જરૂરિયાતની વસ્તુઓની ખેતી કરે છે. પોતાની જરૂરિયાતની ચીજોની ખેતી કરવાની પોતાની સૌથી પહેલી ફરજ છે એ વાત આપણા ખેડૂતોએ શીખવાની છે.

આટલું શીખીને ખેડૂતો જો તે પ્રમાણે પોતાનું કામ કરતા થાય તો બજારની મંદીથી તેમને પાયમાલ થવાનો વારો નહીં આવે. ૨. કાંતનારની પાસે પોતાનો કપાસ ન હોય તો તેણે લોઢવાને માટે જોઈએ તેટલો કપાસ વેચાતો લઈ લેવો. લોઢવાનું કામ હાથચરખાની મદદ વિના પણ બહુ સહેલાઈથી થાય તેવું છે. એક પાટિયું ને એક લોઢાનો ટૂંકો સળિયો દરેક જણને પોતાનો કપાસ પીલી લેવાને પૂરતું સાધન છે. જ્યાં આ કામ ન બની શકે ત્યાં કાંતનારે હાથે લોઢેલું રૂ ખરીદી લેવું ને તેને પીંજી લેવું. પોતાના વપરાશ પૂરતું પીંજણ નાનકડી ધનુષ પીંજણ પર ઝાઝી મહેનત વગર સરસ થાય છે. અનુભવ એવો છે કે મજૂરીની મહેનતની વહેંચણી જેટલી વધારે એટલે કે કામ જેટલા વધારે હાથે થાય તેટલા પ્રમાણમાં તેને માટે જરૂરી ઓજારો ને હથિયારો સોંઘા ને સાદાં. પીંજેલા રૂની પૂણીઓ બનાવી લીધી કે કાંતણ શરૂ થાય . કાંતવાને માટે હું ધનુષ તકલીની ખાસ ભલામણ કરું છું. મેં તે ઘણીવાર વાપરી છે. તેના પર મારી કાંતવાની ઝડપ લગભગ રેંટિયાના જેટલી જ છે. વધારામાં રેંટિયા પર મારું સૂતર જેવું નીકળે છે તેના કરતાં ધનુષ તકલી પર વધારે ઝીણું, વધારે વળદાર ને વધારે સરખું ઊતરે છે. બધા કાંતનારાઓનું એમ ન પણ બને. હું રેંટિયાને બદલે ધનુષ તકલી વાપરવાનો આગ્રહ કરું છું તે આટલાં કારણસર કે કે ધનુષ તકલી બનાવી લેવાનું વધારે સહેલું છે, રેંટિયા કરતાં સોંઘી પડે છે ને રેંટિયાની માફક તેમાં વારેવારે સમારકામ કરવું નથી પડતું. કાંતનારને જાડી ને પાતળી બન્ને માળ બનાવી લેતાં અને તે ઊતરી જાય કે સરકી જાય ત્યારે બરાબર બેસાડી લેતાં ન આવડતું હોય, અથવા રેંટિયો બરાબર કામ ન આપે ત્યારે તેને સુધારી લેતાં ન આવડતું હોય તો તે ઘણી વાર બેકાર પડી રહે છે. વળી આજે એમ લાગે છે કે લાખો લોકોએ એકીસાથે કાંતવા માંડવું પડશે ને તે વાત સાચી પડી તો ધનુષ તકલી સહેલાઈ થી બની શકે તેવી ને વાપરવામાં સરળ હોવાથી તે જ એક ઓજાર એવું છે જે

એવે વખતે ઝટ કામ આવે. ખુદ તકલી કરતાં પણ આ ધનુષ તકલી બનાવવાનું સહેલું છે, અને તે મેળવવાનો સૌથી સહેલો, સૌથી સારો ને સૌથી સોંઘો રસ્તો જાતે બનાવી લેવાનો છે. વળી એક વાત યાદ રાખવા જેવી છે કે આપણે દરેકે સાદાં ઓજરો બનાવવાનું ને વાપરવાનું શીખી લેવું જોઈએ. હવે કાંતણ સુધીના જુદાં જુદાં કામોમાં આપણો આખો મુલક એકી સાથે મંડી જાય તો આપણા લોકોમાં કેટલી એકતા થાય ને તેમની કેટલી કેળવણી થાય તેનો ખ્યાલ કરો! વળી ગરીબ ને તવંગર સૌ એકજ જાતનું કામ કરે તો તેમાંથી નીપજતા પ્રીતિના બંધથી બંધાઈ પોતપોતાના ભેદો ભૂલી ને કેટલાં સરખાં થાય તેનો ખ્યાલ કરો!

આ રીતે કંતાયેલું સૂતર ત્રણ રીત વપરાય : એક તો ગરીબોને ખાતર ચરખા સંઘને ભેટ આપી દેવું, અથવા બીજું, પોતાના વપરાશને માટે વણાવી લેવું, અથવા ત્રીજું, તેના બદલામાં જેટલી મળે તેટલી ખાદી વેચાતી લેવી. એતો દેખીતું છે કે સૂતર જેમ ઝીણું ને બીજી રીતે સારું તેમ તેની કિંમત વધારે. એટલે મહાસભાવાદીઓ ખરા જિગરથી આ કામમાં લાગે તો કાંતવાના ને બીજા ઓજારોમાં નવા નવા સુધારા કરતા રહેશે ને ઘણી નવી નવી શોધ ખોળ કરશે. આપણા દેશમાં બુદ્ધિને મજૂરીની છેક ફારગતી થઈ ગઈ છે પરિણામે આપણું જીવન બંધિયાર ખાબોચિયાના પાણી જેવું થઈ ગયું છે. મેં અહીં સુધી દર્શાવ્યું છે તે ધોરણે તે બંનેનું એટલે કે બુદ્ધિનું ને મજૂરીનું અતૂટ લગ્ન થાય તો તેના જે ફળ આવશે તેનો આંક બંધાય તેવો નથી.

સેવાને અર્થે કરવાના કાંતણની આ રાષ્ટ્રવ્યાપી યોજના પાર પાડવાને આપણાં સામાન્ય સ્ત્રી અથવા પુરુષે રોજ કલાકથી વધારે વખત આપવાની જરૂર રહેશે. એમ મને નથી લાગતું.

## ૫. બીજા ગ્રામઉદ્યોગો

ખાદીની સરખામણીમાં ગામડાંમાં ચાલતા ને ગામડાંઓને જરૂરી બીજા ધંધાઓની વાત જુદી છેએ બધા ધંધાઓમાં આપમેળે ખુશીથી મજૂરી કરવાની વાત બહુ . વળી એ દરેક ધંધામાં કે ઊદ્યોગમાં અમુક થોડી સંખ્યાનાં .કામ આવે તેવી નથી એટલે આ ઉદ્યોગો ખાદીના મુખ્ય કાર્ .માણસોને જ મજૂરી મળી શકેયને મદદરુપ થાય તેવા છેખાદી વિના તેમની હયાતી નથી અને તેમના વિના ખાદીનું ગૌરવ . હાથે દળવાનો .કે શોભા નથી, હાથે છડવાનો ને ખાંડવાનો, સાબુ બનાવવાનો, કાગળ બનાવવાનો, દીવાસળીઓ બનાવવાનો, ચામડાં કમાવવાનો, તેલની ઘાણીનો અને એવા જ બીજા સમાજજીવનને જરુરી તેમ જ મહત્વના ધંધાઓ વિના ગામડાંની અર્થરચના સંપુર્ણ નહીં થાય એટલે કે તે સ્વયંસંપૂર્ણ ઘટક નહીં બનેમહાસભાવાદી આ બધા ધંધાઓમાં રસ લેશે ., અને વધારામાં તે ગામડાનો વતની હશે અથવા ગામડે જઈને રહેતો હશે તો આ ધંધાઓને નવું ચેતન ને નવું વલણ આપશેદરેક જણે ., દરેક હિંદીએ જ્યારે જ્યારે ને જ્યાં જ્યાં મળે ત્યાં કેવળ ગામડાંમાં બનેલી વસ્તુઓ વાપરવાનો પોતાનો ધર્મ માનવો જોઈએઆવી . વસ્તુઓની માગ ઊભી થાય તો આપણી મોટા ભાગની જરૂરિયાતો ગામડાંઓ પૂરી ગામડાંઓને વિશે આપણને લાગણી થશે ને .પાડી શકે એમાં જરાયે શંકા નથી તેમાં બનેલી વસ્તુઓ આપણને ગમતી થશે તો પશ્ચિમની નકલમાં મળતી સંચામાં બનેલી ચીજો આપણને નહીં ખપે, અને જેમાં ગરીબી, ભૂખમરો ને આળસ કે બેકારી નહીં હોય તે નવીન ભારતના આદર્શની સાથે મેળ ખાય એવી અભિરુચિ આપણે કેળવીશું.

## ૬. ગામ સફાઈ

મજૂરી ને બુદ્ધિ વચ્ચે ફારગતી થઈ છે તેથી ગુનો ગણાય તેટલી હદ સુધી આપણાં ગામડાંઓ તરફ આપણે બેદરકાર થયા છીએએટલે શોભીતાં ને રળિયામણાં . નાનાં નાનાં ગામો ઠેર ઠેર પથરાયેલાં હોય તેને બદલે આપણે ત્યાં ઉકરડા ઘણાં .જોવાના મળે છે, કહો કે લગભગ બધાં, ગામોમાં પેસતી વખતે જે અનુભવ થાય છે તેનાથી આનંદ ઊપજતો નથીભાગોળે જ આજુબાજુ એવી ગંદકી હોય છે . ને તેમાંથી એવી બદબો ઊઠે છે કે ઘણી વાર ગામમાં પેસનારને આંખ મીંચી જવી પડે છે ને નાક દબાવવું પડે છેમોટા ભાગના મહાસભાવાદીઓ ગામડાંના . તેમ હોય .વતનીઓ હોવા જોઈએ, તો તેમણે આપણાં ગામડાંઓને બધી રીતે ચોખ્ખાઈના નમૂના બનાવવાં જોઈએપણ ગામડાંના લોકોના નિત્ય એટલે કે . રોજેરોજનાજીવનમાં ભાગ લેવાની અથવા તેની સાથે એકરૂપ થવાની તેમણે પોતાની ફરજ કદી માની નથીરાષ્ટ્રીય કે સામાજિક સફાઈને આપણે જરૂરી ગુણ . આપણે રિવાજથી અમુક ઢબે નહાઈએ છીએ એટલું .માન્યો નથી ને કેળવ્યો નથી જ, બાકી જે નદી, તળાવ કે કૂવાને કાંઠે આપણે શ્રાદ્ધ ને એવા બીજા ધર્મવિધિ કરીએ છીએ, ને જે જળાશયોમાં આપણે પવિત્ર થવાને સ્નાન કરીએ છીએ તેમનું પાણી બગાડતાં કે ગંદું કરતાં આપણને છીત થતી નથીઆપણી આ ખામીને હું . એક મોટો દુર્ગુણ ગણું છું અને આપણાં ગામડાંઓની તેમ જ આપણી પવિત્ર નદીઓના પવિત્ર કાંઠાઓની નામોશી ઉપજાવે તેવી અવદશા અને ગંદવાડમાંથી પેદા થતા રોગો આપણે તે દુર્ગુણનાં ફળરૂપે ભોગવીએ છીએ.

## ૭. નવી તાલીમ અથવા પાયાની કેળવણી

આ વિષય નવો છેપણ મહાસભાની કાર્યવાહક સમિતિના સભ્યોને તેમાં એટલો . બધો રસ પડ્યો ને તેમને તે એટલો બધો મહત્વનો લાગ્યો કે હરિપુરાની મહાસભાની બેઠક વખતે તેમણે હિંદુસ્તાનીતાલીમ સંઘને મહાસભાની મંજૂરીનો લેખ કરી આપ્યો ને ત્યારથી તે પોતાનું કાર્ય કરતો આવ્યો છેઘણા . ગામડાંનાં બાળકોને .મહાસભાવાદીઓને રોકી શકે એટલું મોટું આ કામનું ક્ષેત્ર છે તેની .ઘડીને નમૂનેદાર ગામવાસીઓ બનાવવાનો આ કેળવણીનો આશય છે યોજના મુખ્યત્વે તેમનો ખ્યાલ રાખીને કરવામાં આવી છે, એ યોજનાની મૂળ પ્રેરણા પણ ગામડાંઓમાંથી આવી છેજે મહાસભાવાદીઓ સ્વરાજની ઇમારતનું . ઠેઠ પાયામાંથી ચણતર કરવા માગે છે તેમને દેશના બાળકોની ઉપેક્ષા કરવી પરદેશી અમલ ચલાવનારા લોકોએ .પરવડે તેવી નથી, અજાણપણે ભલે હોય, કેળવણીના ક્ષેત્રમાં પોતાના કાર્યની શરૂઆત અચૂકપણે ઠેઠ નાનાં છોકરાંઓથી કરી છેઆપણે ત્યાં પ્રાથમિક કેળવણીને નામે જે નમૂનો ઓળખાય છે તે એક . ફારસ છે; ગામડાંઓમાં જે હિન્દુસ્તાન વસે છે તેની જરૂરીયાતો કે માગણીઓનો જરાયે વિચાર કર્યા વિના તેની યોજના થઈ છે; અને આમ જુઓ તો શહેરોનો પણ તેમાં કશો વિચાર થયેલો નથીપાયાની કેળવણી ગામડાંમાં શું કે શહેરોમાં શું ., હિન્દુસ્તાનનાં બધાંયે બાળકોને હિંદનાં જે કંઈ ઉત્તમ તેમ જ કાયમનાં તત્ત્વો છે તેમની સાથે સાંકળી દે છેએ કેળવણી બાળકનાં મન તેમ જ શરીર બંનેનો . વિકાસ કરે છે; બાળકને પોતાની ભૂમિ સાથે જડી રાખે છે; તેને પોતાના તથા પોતાના મુલકના ભાવિનું ગૌરવભર્યું ચિત્ર બતાવે છે, અને તે ચિત્રમાં જોયેલું ભાવિ હિંદ રચવાના કાર્યમાં દરેક છોકરો કે છોકરી પોતે નિશાળે જતાં થાય તે દિવસથી જ પોતાનો ફાળો આપે એવી ગોઠવણ કરે છેપાયાની કેળવણીનું કામ .

મહાસભાવાદીઓને અખૂટ રસ આપે તેવું છે અને તેમાંથી જે બાળકોની સાથે તેઓ સંબંધમાં આવશે તેમને જેટલો ફાયદો થશે તેટલો જ ફાયદો ખુદ તેમને થશેજે મહાસભાવાદીઓને આ કામ ઉપાડવાની ઇચ્છા હોય તેમણે સેવાગ્રામને . .સરનામે તાલીમી સંઘના મંત્રીને લખીને જોઈતી માહિતી મેળવવી

## ૮. પ્રૌઢશિક્ષણ

મહાસભાવાદીઓએ આ કામ તરફ નહીં જેવું ધ્યાન આપ્યું છેજ્યાં આ વિષયમાં . તેમણે થોડું ઘણું ધ્યાન આપ્યું છે ત્યાં વગર ભણેલા લોકોને માત્ર લખતાંવાંચતાં મોટી ઉંમરના સ્ત્રીપુરુષોને કેળવવાનું કે ભણાવવાનું .શીખવીને સંતોષ માન્યો છે કામ જો મારે હસ્તક હોય તો હું મારા વિદ્યાર્થીઓને પોતાના મુલકનોવિસ્તાર અને તેની મહત્તાનો ખ્યાલ આપીને તેમની કેળવણીની શરૂઆત કરુંઆપણાં . તે લોકો .ગામડાંઓનાં વતનીઓને મન પોતાનું ગામ તે જ પોતાનો આખો દેશ જો પરગામ જાય તો ત્યાં પોતાનું ગામ એ જ જાણે પોતાનો આખો મુલક કે વતન હિન્દુસ્તાન શબ્દ તેમને મન કેવળ ભૂગો .હોય તેવી વાત કરે છેળની ચોપડીઓમાં વપરાતો બોલ છેઆપણાં ગામડાંઓમાં કેવું ઘોર અજ્ઞાન વસે છે તેનો આપણને . આપણાં ગામડાંનાં ભાઈઓ ને બહેનો આપણા દેશ પર .ખ્યાલ સરખો નથી આમતેમથી જે .ચાલતી પરદેશી હકૂમત કે તેનાં માઠાં ફળ વિશે કશું જાણતાં નથી કંઈ થોડું જાણવાનું મળે છે તેને લીધે પોતાના પરદેશી રાજકર્તાઓનો તેમના દિલ પર ધાક બેસી ગયો છેએટલે પરદેશીઓથી ને તેમની હકૂમતથી તે ડરે છે પણ . એ હકૂમતની બલામાંથી કેમ છૂટવું તેની તેમને સમજ .તેને અંતરમાં ધિક્કારે છે વળી તેમને એ વાતનો પણ ખ્યાલ નથી કે પરદેશીઓની અહીં હકૂમત .નથી ચાલે છે તેનું એક કારણ તેમની પોતાનીજ નબળાઈઓ કે ખામીઓ છે, અને બીજું એ પરદેશી અમલની બલાને કાઢવાને પોતાનું જે સામર્થ્ય છે તેનું તેમને ભાન નથીતેથી મોટી ઉંમરનાં આપણાં ભાઈબહેનોની કેળવણીનો સૌથી પહેલો હું એવો . અર્થ કરું છું કે મોઢાના બોલથી એટલે કે સીધી વાતચીતથી તેમને સાચી રાજકીય આ કેળ .કેળવણી આપવીવણી ક્રમે ક્રમે કેવી રીતે આપવી તેનો નક્શો પહેલેથી દોરી રાખેલો હશે એટલે તે આપવામાં કોઈ જાતનો ડર રાખવાનું કારણ નથી .

મારું એવું માનવું છે કે સરકારી અમલદારો તરફથી આ જાતની કેળવણીના પણ ધારો કે એવી દખલગીરી .કામમાં દખલગીરી થાય એ જમાનો વહી ગયો છે થાય તો પોતાનાં ભાઈબહેનોને ભેગાં કરીને વાતોચીતો દ્વારા તેમને સાચી કેળવણી આપવાના આ સૌથી મૂળ હકના અમલને માટે લડી જ લેવું, કેમ કે એ મૂળભૂત હક વિના સ્વરાજની સિદ્ધિ નથીબેશક મેં આ કેળવણીને વિશે જે કંઈ સલાહ અહીં . અ .આપી છે તેમાં બધું કાર્ય ખુલ્લંખુલ્લા થશે એ વાત મેં માની લીધેલી છેહિંસાની પદ્ધતિમાં ડરને જરાયે અવકાશ નથી ને તેથી છૂપાપણાને પણ અવકાશ નથીઆ . આ કામમાં ખાસ .મોઢાની કેળવણી સાથે જ લખવાવાંચવાનું ભણતર પણ ચાલે એને અંગે ભણતરનો ગાળો બને તેટલો ટૂંકો કરવાને ખાતર .આવડતની જરૂર છે મારી ભલામણ એવી છે કે આ ક .અનેક પદ્ધતિઓ અજમાવવામાં આવે છોમમાં નિષ્ણાત ગણાતા લોકોનું એક કાયમનું અથવા કામચલાઉ મંડળ કાર્યવાહક સમિતિએ નીમવું, જે અહીં મેં જે વિચાર દર્શાવ્યો છે ને પ્રૌઢશિક્ષણ કેવું હોવું જોઈએ એ વિશે જે ખ્યાલ રજૂ કર્યો છે તેને ચોક્કસ યોજનામાં સમાવીને કાર્યકર્તાઓને દોરવણી આપેહું કબૂલ કરું છું કે મેં . આ ટૂંકા પૅરામાં જે કહ્યું છે તેનાથી કેવળ કામની દિશા બતાવાઈ છે, પણ એ કામ કેમ ચાલુ કરવું તેની સામાન્ય મહાસભાવાદીને વિગતે દોરવણી મળતી નથીવળી ખાસ આવડતની . .અપેક્ષા રાખનારું આ કાર્ય કરવાને એકેએક મહાસભાવાદી લાયક પણ ન હોય પણ જે મહાસભાવાદીઓ શિક્ષણનો વ્યવસાય કરે છે તેમને મેં અહીં જે સૂચનાઓ કરી છે તેમને અનુરૂપ ભણતરનો ક્રમ દોરી આપવામાં મુશ્કેલી ન લાગવી જોઈએ.

## ૯. સ્ત્રીઓ

હિંદની સ્ત્રીઓ જે અંધકારમાં ડૂબેલી હતી તેમાંથી તેમને સત્યાગ્રહની પદ્ધતિએ આપોઆપ બહાર કાઢી છે; અને એ વાત પણ સાચી છે કે બીજી કોઈ પણ પદ્ધતિથી સ્ત્રીઓ આટલા માની ન શકાય તેટલા ટૂંકા ગાળામાં આગળ ન આવી હોત. તેમ છતાં સ્ત્રીવર્ગની સેવાના કાર્યને મેં રચનાત્મક કાર્યક્રમમાં સમાવ્યું છે, કેમ કે સ્ત્રીઓને પુરુષોની સાથે સરખા દરજ્જાથી ને હકથી સ્વરાજની લડતમાં ભાગ લેતી કરવાને જે કરવું જોઈએ તે કરવાનું મહાસભાવાદીઓને હજી ઊગ્યું નથી. મહાસભાવાદીઓને હજી એ નથી સમજાયું કે સેવાના ધર્મકાર્યમાં સ્ત્રી જ પુરુષની સાચી મદદગાર ને સાથી છે. જે રૂઢિ અને કાયદાના ઘડતરમાં સ્ત્રીનો કશો હિસ્સો નહોતો ને જેને માટે કેવળ પુરુષ જ જવાબદાર છે તે કાયદા ને તે રૂઢિના જુલમ નીચે સ્ત્રી કચડાતી આવી છે. અહિંસાના પાયા પર રચાયેલી જીવનની યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો ને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક સ્ત્રીને છે. પણ અહિંસક સમાજની વ્યવસ્થામાં જે અધિકાર કે હક મળે છે તે કોઈ ને કોઈ ફરજ કે ધર્મના પાલનમાંથી ફલિત થાય છે, તેથી એ વાત પણ સ્વીકારવી જોઈએ કે સમાજમાં વર્તવાના કે વહેવાર કરવાના નિયમો સ્ત્રી ને પુરુષ બન્ને પરસ્પર સહકાર ને સમજૂતીથી નક્કી કરે. એ નિયમોના પાલનને માટે બહારની કોઈ સત્તાની જબરદસ્તી કામ ન આવે. સ્ત્રીઓ સાથેના પોતાના વર્તનમાં કે વહેવારમાં પુરુષોએ આ સત્યને પૂરેપૂરું ઓળખ્યું નથી. સ્ત્રીને પોતાની મિત્ર કે સાથી ગણવાને બદલે પુરુષે પોતાને તેનો સ્વામી કે ધણી માન્યો છે. હિંદુસ્તાનની સ્ત્રીઓને આ હલકા દરજ્જા પરથી હાથ પકડીને ઉપર લેવાનો ખાસ અધિકાર મહાસભાવાદીઓનો છે. જૂના જમાનાના ગુલામને ભાન નહોતું કે મારે સ્વતંત્ર થવાનું છે અથવા મારાથી

સ્વતંત્ર થવાય. આજે સ્ત્રીની દશા પણ કંઈક એવીજ છે. પેલા ગુલામને જ્યારે મુક્તિ મળી ત્યારે થોડો વખત તેને એમ લાગ્યું કે મારો આધાર જતો રહ્યો. સ્ત્રીઓને એવું શીખવવામાં આવ્યું છે કે તમારે આપણે પુરુષોનાં ગુલામ છીએ એમ માનવું. અહીં મહાસભાવાદીઓની ફરજ એ છે કે તેઓ સ્ત્રીઓને પોતાના અસલ સંપૂર્ણ દરજ્જાનું ભાન કરાવે, અને જીવનમાં પુરુષ સાથે સરખા દરજ્જાથી પોતાનો ભાગ લેવાને તેમને કેળવીને લાયક બનાવે.

એક વખત મનનો સંકલ્પ થઈ જાય પછી આ ક્રાંતિનું કામ સહેલું છે. તેથી મહાસભાવાદીઓ તે ક્રાંતિની શરૂઆત પોતાના ઘરથી કરે. પોતાની ધણિયાણીઓને મનરમાડો કરવાની ઢીંગલીઓ કે ભોગવિલાસનું સાધન માનવાને બદલે તેમણે સેવાનાં સમાન કાર્યોમાં સમાન સાથીઓ ગણવી. આટલા ખાતર જે સ્ત્રીઓને શાળા કે કૉલેજની કેળવણી મળી નથી તેઓ બની શકે તેટલું શિક્ષણ પોતાના પતિ પાસેથી મેળવે. જે વાત પત્નીઓની તેવી ઘટતા ફેરફારો સાથે માતાઓની ને દીકરીઓની સમજવાની છે.

એ જણાવવાની જરૂર નથી કે હિંદની સ્ત્રીઓની લાચાર દશાનું મેં એક જ બાજુનું ચિત્ર દોર્યું છે. હું એ વાત બરાબર જાણું છું કે ગામડાઓમાં સ્ત્રીઓ પોતાના પુરુષવર્ગની સામે બરાબર ટક્કર લે છે અને કેટલીક બાબતોમાં તો તેમના પર સરસાઈ ભોગવે છે, ને દોર ચલાવે છે. પણ બહારથી આપણને જોનાર કોઈ પણ તટસ્થ માણસ કહેશે કે આપણા આખા સમાજમાં સ્ત્રીને કાયદાથી ને રૂઢિથી જે દરજ્જો મળે છે તે ઘણી ખામીવાળો છે અને તેમાં ધરમૂળથી સુધારો કરવાની જરૂર છે.

## ૧૦. તંદુરસ્તીના નિયમોની કેળવણી

રચનાત્મક કાર્યક્રમમાં ગામસફાઇને સમાવ્યા પછી તંદુરસ્તીના નિયમોની કેળવણી અલગ ગણવાની શી જરૂર પડી એવો સવાલ સહેજે થાય. ગામસફાઇની સાથે જ એને પણ ગણી લેવાત, પણ મારે રચનાત્મક કાર્યનાં જુદાં જુદાં અંગોને ભેળસેળ કરી દેવાં નહોતાં. કેવળ ગામસફાઇની બાબત ગણાવવાથી તેમાં તંદુરસ્તીના નિયમોની કેળવણીની બાબત સમાઇ જતી નથી. પોતાના શરીરને સાચવવાની આવડત, અને તંદુરસ્તીના નિયમોનું જ્ઞાનએ અભ્યાસ તમેજ તેનાથી મળેલા જ્ઞાનના અમલનો જુદો જ વિષય છે. જે સમાજ સુવ્યવસ્થિત છે તેમાં સૌ શહેરીઓ તંદુરસ્તીના નિયમોને જાણે છે ને તેમનો અમલ કરે છે. હવે તો એ વાત નિર્વિવાદ સાબિત થઇ છે કે તંદુરસ્તીના નિયમોનું અજ્ઞાન અને તે નિયમોને પાળવાની બેદરકારી એ બેમાંથી જ માણસજાતને જે જે રોગો જાણીતા થયેલા છે તેમાંના ઘણાખરા થાય છે. આપણે ત્યાંનું મરણનું વધારે પડતું મોટું પ્રમાણ બેશક ઘણે ભાગે આપણા લોકોનાં શરીરોને કોતરી ખાતી ગરીબીનું પરિણામ છે પણ તેમને તંદુરસ્તીના નિયમોની કેળવણી બરાબર આપવામાં આવે તો એ પ્રમાણ ઘણું ઘટાડી શકાય.

મન નીરોગી તો શરીર નીરોગી એ સામન્યપણે માણસજાતને માટેનો પહેલો કાયદો છે. નીરોગી શરીરમાં નિર્વિકારી મન વસે છે એ આપમેળે પુરવાર થાય તેવું સત્ય છે. મન અને શરીરની વચ્ચે અપરિહાર્ય સંબંધ છે. આપણાં મન જો નિર્વિકાર એટલે કે નીરોગી હોય તો એકેએક જાતની હિંસા તેમાંથી ખરી પડે અને પછી સ્વાભાવિક રીતે તંદુરસ્તીના નિયમોનું આપણે હાથે પાલન થાય ને કોઇ પણ જાતની ખાસ કોશિશ વગર આપણાં શરીરો તંદુરસ્ત રહે. આ કારણોસર હું એવી આશા રાખું છું કે કોઇ મહાસભાવાદી રચનાત્મક કાર્યક્રમના આ અંગ વિશે

બેદરકાર ન રહે. તંદુરસ્તીના કાયદા અને આરોગ્યશાસ્ત્રના નિયમો તદ્દન સરળ ને સાદા છે ને સહેલાઇથી શીખી લેવાય તેવા છે. મુશ્કેલી તેમના અમલની છે. આ રહ્યા તેમાંના થોડા નિયમો:

- હંમેશ શુદ્ધ વિચારો કરવા ને મનામાંથી બધા મેલા ને નકામા વિચારો કાઢી નાખવા.
- રાત ને દિવસ તાજામાં તાજી હવા લેવી.
- શરીરના તેમ જ મનના કામની સમતુલા જાળવવી એટલે કે તેમનો મેળ બેસાડવો.
- ટટાર ઊભા રહેવું, ટાટાર બેસવું અને પોતાના એકેએક કામમાં સુઘડ અને સાફ રહેવું; વળી આ બધી ટેવો અંતરની સ્વસ્થતાના પ્રતિબિંબરૂપ હોવી જોઇએ.

તમારા જેવા તમારા માનવબંધુઓની કેવળ સેવાને ખાતર જિવાય તે માટે ખાવાનું રાખો.ભોગ ભોગવવાને માટે જીવવાનું કે ખાવાનું નથી. તેથી તમારું મન ને તમારું શરીર સારી સ્થિતિમાં રહે ને બરાબર કામ આપે તેટલા પૂરતું જ ખાઓ. જેવો આહાર તેવો આદમી.

તમે જે પાણી પીઓ, જે ખોરાક ખાઓ અને જે હવા લો, તે બધાં તદ્દન સ્વચ્છ હોય. વળી કેવળ પંડની ચોખ્ખાઈ રાખીને સંતોષ ન માનતા તમારે પોતાને માટે જેટલી ચોખ્ખાઈ રાખો તે જ પ્રમાણમાં તમારી આજુ બાજુના વાતાવરણને તેમ જ જગ્યાને ત્રિવિધ ચોખ્ખાઈનો રંગ લગાડો.

## ૧૧. પ્રાંતિક ભાષાઓ

આપણી પોતાની માતૃભાષાઓના કરતાં અંગ્રેજી પર આપણે વધારે પ્રેમ રાખ્યો તેથી કેળવાયેલા તેમ જ રાજકીય દ્રષ્ટિથી જાગ્રત એવા ઉપલા વર્ગોના લોકોથી આમસમુદાય છેક વિખૂટો પડી ગયો છે ને તે બન્ને વચ્ચે ઊંડી ખાઈ પડી ગઈ છે . વળી તેજ કારણે હિંદુસ્તાનની ભાષાઓ ગરીબ બની છે ને તેમને પૂરતું પોષણ અટપટા ને ઊંડા તાત્વ .મળ્યું નથીિક વિચારો આપણી માતૃભાષામાં દર્શાવવાની ફોગટ મહેનત કરતી વખતે આપણે ગોથાં ખાઈએ છીએઆપણી પાસે વિજ્ઞાનની . આપણી .આ બધાંનું પરિણામ ખતરનાક આવ્યું છે .ચોક્કસ પરિભાષા નથી આમજનતા આધુનિક માનસથી એટલે કે નવા જમાનાના વિચારોથી છેક અળગી હિંદુસ્તાનની મહાન ભાષાઓની જે .રહી છેઅવગણના થઈ છે, ને તેને પરિણામે હિંદને જે પારાવાર નુકશાન થયું છે તેનું માપ આજે આપણાથી કાઢી શકાય તેમ નથી કેમકે આપણે તે બનાવની બહુ નજીક છીએપણ એટલી વાત તો સમજવી . સહેલી છે કે આજ સુધી થયેલા નુકશાનનો ઈલાજ નહીં થાય, એટલે કે ગયેલી ખોટ પૂરવાની મહેનત આપણે નહીં કરીએ તો આપણી આમજનતાનું માનસ મુક્ત નહીં થાય , તે રૂઢિ ને વહેમોમાં પુરાયેલું રહેશે, અને આમસમુદાય સ્વરાજના ચણતરમાં કશો સંગીન ફાળો નહીં આપી શકેઅહિંસાના પાયા પર રચાયેલા . સ્વરાજની વાતમાં એ વાત આવી જાય છે કે અપણો એકેએક માણસ આપણે સ્વતંત્રતાની લડતમાં પોતાનો સ્વતંત્ર સીધો ફાળો આપેપણ આપણી . આમજનતા લડતનું એકેએક પગથિયું જાણે નહીં અને તે દરેકમાં સમાયેલું રહસ્ય પૂરેપૂરું સમજે નહીં તો સ્વરાજના ઘડતરમાં પોતાનો ફાળો કેમ આપશે? અને આમજનતાની પોતાની બોલીમાં લડતના એકેએક પગથિયાની બરાબર સમજૂતી નહીં અપાય તો એ બનવાની આશા કેમ રખાય?

## ૧૨. રાષ્ટ્ર ભાષાઓ

વળી, હિંદુસ્તાનભરમાં વહેવાર કરવાને માટે હિંદી ભાષાઓમાંથી એક એવી ભાષાની આપણને જરૂર છે જે આજે વધારેમાં વધારે સંખ્યાના લોકો જાણતા હોય ને સમજતા હોય અને બાકીના લોકો ઝટ શીખી શકે . આવી ભાષા બેશક હિંદી છે. ઉત્તરના હિંદુઓ ને મુસલમાનો બન્ને એ ભાષા બોલે છે ને સમજે છે. એજ બોલી ઉર્દૂ લિપિમાં લખાય છે ત્યારે તે નામે ઓળખાય છે.૧૯૨૫ની સાલમાં કાનપુર મુકામે ભરાયેલી બેઠકમાં મંજૂર કરેલા પોતાના નામાંકિત ઠરાવમાં હિંદભરની એ જ બોલીને રાષ્ટ્રીય મહાસભાએ હિંદુસ્તાનીને નામે ઓળખાવી. અને ત્યારથી કંઈ નહીં તો સિદ્ધાંતમાં હિંદુસ્તાની રાષ્ટ્રભાષા ગણાઈ છે. સિદ્ધાંતમાં એમ મેં જાણી જોઈમે કહ્યું છે કેમકે ખુદ રાષ્ટ્રીય મહાસભાવાદીઓએ પણ તેનો રાખવો જોઈએ તેટલો મહાવરો રાખ્યો નથી. હિંદુસ્તાનની આમ જનતાની રાષ્ટ્રીય કેળવણીને ખાતર હિંદની બોલીઓનું મહત્ત્વ ઓળખવાની ને સ્વીકારવાની એક મુદ્દામ કોશિશ ૧૯૨૦ની સાલમાં શરૂ કરવામાં આવી હતી. તેથી રાજકીય દ્રષ્ટીથી જાગ્રત થયેલું હિંદ સહેલથી બોલી શકે , અને હિંદના જુદા જુદા પ્રાન્તોમાંથી મહાસભાના અખિલ હિંદ મેળાવડાઓમાં એકઠા થતા મહાસભાવાદીઓ સમજી શકે તેવી સમસ્ત હિંદુસ્તાનની એક બોલીને ઓળખવાનો ને સ્વીકારવાનોઇ ખાસ પ્રયાસ પણ શરૂ થયો હતો. આ રાષ્ટ્રભાષા આપણે બધા તેની બન્ને શૈલીઓ સમજી તથા બોલી શકીએ અને તેને બંને લિપિમાં લખી શકીએ તે રીતે શીખવી જોઈએ.

મારે ખેદથી જણાવવું પડે છે કે ઘણા મહાસભાવાદીઓએ એ ઠરાવનો અમલ કર્યો નથી. અને તેથી મારી સમજ પ્રમાણે નામોશી ભરેલો કહી શકાય તેવો અંગ્રેજીમાં બોલવાનો આગ્રહ રાખનારા ને પોતાના સમજાય તેટલા ખાતર બીજા લોકોને પણ તે જ ભાષામાં બોલવાની ફરજ પાડનારા મહાસભાવાદીઓનો બેહૂદો દેખાવ હજી

આપણને જોવો પડે છે. અંગ્રેજી બોલીએ જે ભૂરકી નાખી છે તેની અસરમાંથી હજી આપણે છૂટ્યાં નથી. તે ભૂરકીને વશ થયેલા આપણે હિંદુસ્તાનની પોતાના ધ્યેય તરફની કૂચને રોકી રહ્યાં છીએ. અંગ્રેજી ભણવામાં આપણે જેટલાં વરસ બગાડીએ છીએ તેટલા મહિના પણ આપણે હિંદુસ્તાની શીખવાની તસ્દી ન લઈએ તો સાચે જ આમજનતા પરના આપણા જે પ્રેમની વાતો આપણે ઠોક્યા કરીએ છીએ તે ઉપર ઉપરનો હોવો જોઈએ.

## ૧૩. આર્થિક સમાનતા

રચનાત્મક કાર્યનો આ મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે. આર્થિક સમાનતાને માટે કાર્ય કરવું એટલે મૂડી ને મજૂરી વચ્ચેના કાયમના ઝઘડાને મિટાવવો. એનો અર્થ એવો થાય કે એક બાજુથી જે થોડા પૈસાવાળા લોકોના હાથમાં રાષ્ટ્રની સંપત્તિનો મુખ્ય ભાગ એકઠો થયો છે તેમની સંપત્તિ કમી કરવી અને બીજી બાજુથી અર્ધાં ભૂખ્યાં ને નાગાં રહેતાં કરોડોની સંપત્તિ વધારવી. જ્યાં લગી ખોબા જેટલા પૈસાવાળા ને ભૂખ્યાં રહેતાં કરોડો વચ્ચેનું બહોળું અંતર ચાલુ રહે ત્યાં લગી અહિંસાના પાયા પર ચાલતો રાજવહીવટ સંભવિત નથી. જે સ્વતંત્ર હિંદુસ્તાનમાં દેશના સૌથી તવંગર માણસો જેટલી સત્તા ભોગવતા હશે તેટલી જ ગરીબોની હશે. તેમાં નવી દિલ્હીના મહેલો ને તેમની પડખે જ આવેલાં ગરીબ મજૂર વસ્તીનાં કંગાળ ઘોલકાંઓ વચ્ચે જે કારમો તફાવત આજે દેખાય છે તે એક દિવસભર પણ નહીં નભે. પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા એ બંને આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણને માટે બધાંની સાથે મળીને વાપરવાને તૈયાર નહીં થાય તો હિંસક તેમ જ ખૂનખાર ક્રાંતિ અહીં થયા વિના રહેવાની નથી એમ ચોક્કસ સમજવું.

ટ્રસ્ટીપણાના મારા સિદ્ધાંતને ઘણો હસી કાઢવામાં આવ્યો છે છતાં હું હજી તેને વળગી રહું છું. તેને પહોંચવાનું એટલે કે તેનો પૂરેપૂરો અમલ કરવાનું કામ કપરું છે એ વાત સાચી છે. અહિંસાનું એવું નથી ? પણ ૧૯૨૦ની સાલમાં એ સીધું ચઢાણ ચડવાનો આપણે સંકલ્પ કર્યો. તેને માટે આપણે જે પુરુષાર્થ અત્યાર સુધી કર્યો તે કરી જોવા જેવો હતો એમ આપણે સમજ્યા છીએ. એ પુરુષાર્થમાં જે મુખ્ય વાત સમાયેલી છે તે અહિંસાનું તત્ત્વ કેમ કાર્ય કરે છે તે રોજેરોજ શોધીને વધુ ને વધુ ઓળખવાની છે. મહાસભાવાદીઓ પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે

તે બધા અહિંસા શું છે, શા માટે તેનો અમલ કરવાનો છે ને તે કેમ કાર્ય કરે છે એ બધી બાબતો વિશે જાગતા રહીને ચીવટથી શોધ ચલાવે ને તેનાં કાર્યકારણો વિચારે. આજની સમાજવ્યવસ્થામાં માણસ માણસ વચ્ચે જાતજાતની જે અસમાનતાઓ હયાતીમાં છે તે હિંસાથી નાબૂદ થાય કે અહિંસાથી એ સવાલનો પણ તે બધા વિચાર કરે. મને લાગે છે કે હિંસાનો રસ્તો કેવો છે તે આપણે જાણીએ છીએ. તે રસ્તે સમાનતાની બાબતમાં ક્યાંયે સફળતા મળેલી જાણવામાં નથી.

અહિંસાથી સમાજમાં ફેરફારો કરવાનો પ્રયોગ હજી ચાલુ છે ને તેની વિગતો ઘડાય છે. તે પ્રયોગમાં સીધું બતાવી શકાય તેવું ઝાઝું આપણે કર્યું નથી. પરંતુ ગમે તેટલી ધીમી ગતિથી કાં ન હોય પણ તે પદ્ધતિનું કાર્ય સમાનતાની દિશામાં શરૂ થઈ ચૂક્યું છે એ વાત ચોક્કસ છે. અને અહિંસાનો રસ્તો હૃદયપરિવર્તનનો રસ્તો છે એટલે જે ફેરફાર થાય તે કાયમનો થાય. જે સમાજ કે રાષ્ટ્રનું ચણતર અહિંસાના પાયા પર થયેલું હોય તે પોતાની ઇમારત પર બહારથી કે અંદરથી જે હુમલા થાય તે બધાને પહોંચી વળવાને સમર્થ હોય. રાષ્ટ્રીય મહાસભામાં પૈસાવાળા મહાસભાવાદીઓ પણ છે. આ વિષયમાં પહેલું પગલું ભરીને રસ્તો તેમણે બતાવવાનો છે. એકેએક મહાસભાવાદીને પોતાના દિલનું ઊંડામાં ઊંડા ઊતરીને અંગત પરીક્ષણ કરવાની તક આપણી આ સ્વરાજની લડત પૂરી પાડે છે. આપણી લડતને અંતે જે હિંદુસ્તાનની રચના આપણે કરવી છે તેમાં સમાનતાની સિદ્ધિ કરવી હોય તો તેનો પાયો અત્યારે જ નાખવો જોઈએ. જે લોકો એમ માનીને ચાલે છે કે મોટા મોટા સુધારાઓ તો સ્વરાજની સ્થાપના પછી થવાના છે અથવા કરવાના છે તે બધા અહિંસક સ્વરાજનું કાર્ય કેમ થાય છે તે સમજવાની બાબતમાં મૂળમાં જ ગોથાં ખાય છે. એ અહિંસક સ્વરાજ એક શુભ ચોઘડિયે આભમાંથી એકાએક ટપકી પડવાનું નથી. આપણા સૌની ભેગી જાતમહેનતથી એકેએક ઇંટને

બરાબર ગોઠવતા જઈશું તો તેનું ચણતર થવાનું છે. એ દિશામાં આપણે સારી સરખી મજલ કાપી છે. પણ સ્વરાજની સંપૂર્ણ શોભા ને ભવ્યતાનું દર્શન કરતાં પહેલાં હજી આપણે એથીયે વધારે લાંબો ને થકવે તેવો રસ્તો કાપવાનો બાકી છે. તેથી દરેક મહાસભાવાદીએ પોતાની જાતને એ સવાલ કરવાનો છે કે આર્થિક સમાનતા સ્થાપવામાં મેં શું શું કર્યું ?

## ૧૪. કિસાનો

આ રચનાત્મક કાર્યક્રમમાં એકેએક વિગત આવી જતી નથી. સ્વરાજની ઇમારત જબરદસ્ત છે, તેને બાંધવામાં એંશી કરોડ હાથોએ કામ કરવાનું છે. એ બાંધનારાઓમાં કિસાનો એટલે કે ખેડૂતોની સંખ્યા મોટામાં મોટી છે. હકીકતમાં સ્વરાજની ઇમારત બાંધનારાઓ પૈકી મુખ્ય તે જ લોકો (ઘણુ ખરું ૮૦ ટકા) હોવાથી કિસાનો તે જ કૉંગ્રેસ, એવી સ્થિતિ હોવી જોઈએ. આજે તેમ નથી. પણ કિસાનોને જ્યારે પોતાની અહિંસક તાકાતનું ભાન થશે ત્યારે દુનિયાની કોઈ સત્તા તેમની સામે ટકી શકવાની નથી.

સત્તાનો કબજો લેવાને માટે ખેલાતાં રાજકારણમાં તેમનો કદી ઉપયોગ ન થવો જોઈએ. તેમના એ જાતના ગેરઉપયોગને હું અહિંસાની પદ્ધતિથી વિરોધી ગણું છું. કિસાનો અથવા ખેડૂતોનું સંગઠન કેમ કરવું તેની મારી રીત જેમને જાણવી હોય તેમને ચંપારણની લડતનો અભ્યાસ કરવાથી લાભ થશે. હિંદુસ્તાનમાં સત્યાગ્રહનો પહેલવહેલો પ્રયોગ ચંપારણમાં થયો હતો અને તેનું કેવું સારું પરિણામ આવ્યું હતું તે આખું હિન્દુસ્તાન બરાબર જાણે છે. ચંપારણની હિલચાલ આમસમુદાયની એવી લડત બની હતી જે છેક શરૂથી માંડીને છેવટ સુધી પૂરેપૂરી અહિંસક રહી હતી. તેમાં એકંદરે વીસ લાખથીયે વધારે કિસાનોને સંબંધ હતો. એક સૈકાથી ચાલતી આવેલી એક ચોક્કસ હાડમારીની ફરિયાદના નિવારણને માટે તે લડત ઉપાડવામાં આવી હતી. એ જ ફરિયાદને દૂર કરવાને પહેલાં કેટલાંયે હિંસક બંડો થયાં હતાં. ખેડૂતોને તદ્દન દબાવી દેવામાં આવ્યા હતા. અહીં અહિંસક ઇલાજ છ મહિનાના ગાળામાં પૂરેપૂરો સફળ થયો. કોઈ પણ જાતની સીધી રાજકારણી ચળવળ કે રાજકારણના સીધા પ્રચારની મહેનત વગર ચંપારણના ખેડૂતો રાજકારણની

બાબતમાં જાગ્યા. પોતાની ફરિયાદ દૂર કરવામાં અહિંસાએ જે કાર્ય કર્યું તેની દેખીતી સાબિતી મળવાથી તે બધા રાષ્ટ્રીય મહાસભામાં ખેંચાયા અને બાબુ બ્રજકિશોરપ્રસાદ તેમ જ બાબુ રાજેન્દ્રપ્રસાદની આગેવાની નીચે પાછલી સવિનયભંગની લડતોમાં તેમણે પોતાની તાકાતનો પૂરતો પરચો બતાવ્યો.

આ ઉપરાંત ખેડા, બારડોલી તથા બોરસદમાં ચાલેલી ખેડૂતોની લડતોનો અભ્યાસ કરવાથી પણ વાચકને લાભ થશે. કિસાન સંગઠનમાં સફળતાની ચાવી એ છે કે તેમની પોતાની અને તેમને સમજાતી હોય તથા કઠતી હોય તેવી ફરિયાદો દૂર કરાવવાના કામ સિવાય બીજા કોઈ પણ રાજકીય આશયથી તેમના સંગઠનનો દુરુપયોગ ન કરવો. કોઈ એક ચોક્કસ અન્યાય કે ફરિયાદના કારણને દૂર કરવાને માટે સંગઠિત થવાની વાત તેમને તરત સમજાય છે. તેમને અહિંસાનો ઉપદેશ કરવો નથી પડતો. પોતાની ફરિયાદોના એક અસરકારક ઇલાજ તરીકે તે લોકો અહિંસાને સમજીને અજમાવે અને પાછળથી તેમને જણાવવામાં આવે કે તમે જે અજમાવી તે જ અહિંસક પદ્ધતિ છે એટલે તરત તે લોકો અહિંસાને ઓળખી જાય છે ને તેનું રહસ્ય પામી જાય છે.

જે જે મહાસભાવાદીઓએને રસ હોય તે કિસાનોમાં તેમની સેવાને અર્થે કેમ કાર્ય કરવું તે ઉપર જણાવેલા દાખલાઓના અભ્યાસથી જાણી લે. મારું એમ માનવું છે કે કિસાન સંગઠનની જે પદ્ધતિ કેટલાક મહાસભાવાદીઓએ અખત્યાર કરી છે તેનાથી તેમને જરાયે ફાયદો થયો નથી. ઊલટું કદાચ નુકસાન થયું હશે. પણ ફાયદાનુકસાનની વાત જવા દઈને મારે એટલું તો કહેવું જ જોઈએ કે તેમણે અખત્યાર કરેલી રીત અહિંસાની નથી. આ કાર્યકર્તાઓમાંના કેટલાકને વિશે એટલું કહેવું જોઈએ કે અમે અહિંસક પદ્ધતિને માનતા નથી એમ તેઓ નિખાલસપણે કબૂલ કરે છે. આવા કાર્યકર્તાઓને મારી સલાહ છે કે તેમણે પોતાનું કામ કરવામાં મહાસભાનું નામ ન વાપરવું ને મહાસભાવાદીઓ તરીકે કાર્ય ન કરવું.

કિસાનો ને મજૂરોને અખિલ હિંદને ધોરણે સંગઠિત કરવાની જે ચડસાચડસી ચાલે છે તેનાથી હું કેમ અળગો રહ્યો છું તેનો વાચકને મારી આટલે સુધીની વાત પરથી ખ્યાલ આવ્યો હશે. આપણે બધા મળીને એક જ દિશામાં ખેંચીએ તો કેવું સારું! પણ આપણા જેવા મોટા દેશમાં એવું કદાચ બને નહીં. એ બધી વાત જવા દો. અહિંસાને રસ્તે કોઈના પર કોઈ જાતની જબરદસ્તી ન હોય એટલી વાત સાચી. અહિંસાની પદ્ધતિનું પ્રત્યક્ષ કાર્ય અને કેવળ તર્કથી સાબિત થાય તેવી દલીલો બંને મળીને પોતાનું કામ કર્યા વિના રહેવાનાં નથી.

મારો એવો અભિપ્રાય છે કે મજૂરોની માફક કિસાનો અથવા ખેડૂતોના ગણાય તેવા સવાલો વિશે કામ કરનારું એક ખાતું મહાસભાએ પોતાની દેખરેખ નીચે ચલાવવું જોઈએ.

# ૧૫. મજૂરો

મદાવાદ મજૂર મહાજનનો નમૂનો આખા હિંદુસ્તાને અનુસરવા જેવો છેશુધ્ધ . પોતાની આજ સુધીની કારકિર્ .અહિંસાના પાયા પર તેની યોજના થઈ છેદીમાં પાછા પડવાનો એકે પ્રસંગ તેને આવ્યો નથીકશીયે હોહા કે ધાંધલ અથવા કશો . તેની પોતાની .દેખાવ કર્યા વિના તેની તાકાત ઉત્તરોત્તર વધતી ગઈ છે ઇસ્પિતાલ, મિલમજૂરોનાં છોકરાંઓ માટેની નિશાળો, મોટી ઉંમરના મજૂરોને ભણાવવાના વર્ગો, તેનું પોતાનું છાપખાનું ને ખાદીભંડાર તે ચલાવે છે, ને મજૂરોને રહેવાને માટેનાં ઘરો તેણે બંધાવ્યાં છેઅમદાવાદના લગભગ બધા મજૂરો . મહાસભાની .મતપત્રકોમાં નોંધાયેલા છે અને ચૂંટણીઓમાં અસરકારક ભાગ લે છે સ્થાનિક પ્રાંતિક સમિતિના કહેવાથી અમદાવાદના મજૂરોએ મતદારો તરીકે મહાજન કદ .પોતાનાં નામો નોંધાવ્યાં હતાંી મહાસભાના પક્ષાપક્ષીના રાજકારણમાં સડોવાયેલું નથીશહેરની સુધરાઈની નીતિ પર તે લોકોની અસર . મહાજનને ફાળે સારી પેઠે સફળ નીવડેલી હડતાળો છે ને તે બધી પૂરેપૂરી .પડે છે અહીંના મજૂરે ને મિલમાલિકોએ પોતાનો સંબંધ મોટે ભાગે .અહિંસક હતી રાજીખુશીથી લવાદીને ધોરણે રાખ્યો છેમારું ચાલે તો હું હિંદુસ્તાનભરની તમામ . અખિલ હિંદ ટ્રેડ .મજૂર સંસ્થાઓનું સંચાલન અમદાવાદના મહાજનને ધોરણે કરું ને તે કોંગ્રેસની .યુનિયન કોંગ્રેસમાં માથું મારવાની મહાજને કદી ઇચ્છા રાખી નથી અમદાવાદ મજૂર મહાજનની .અસર તેણે પોતાના સંગઠન પર થવા દીધી નથી રીત ટ્રેડ યુનિયન કોંગ્રેસ અખત્યાર કરી શકે અને અખિલ હિંદ ની મજૂર સંસ્થાના એક અંગ તરીકે અમદાવાદનું મહાજન તેમાં સમાઈ જાય તેવો દિવસ ઊગે એવી મારી ઉમેદ છેસમય પાકશે એટલે એ દિવસ .પણ મને તેની ઉતાવળ નથી . .એની મેળે આવશે

## ૧૬. આદિવાસીઓ

રાનીપરજ શબ્દની માફક આ આદિવાસી શબ્દ નવો બનાવેલો છે. રાનીપરજને ઠેકાણે પહેલાં કાળીપરજ (એટલે કે કાળી પ્રજા, પણ તેમની ચામડી બીજા કોઈ લોકોની ચામડીથી વધારે કાળી નથી) શબ્દ વપરાતો હતો. એ શબ્દ લાગે છે શ્રી જુગતરામે બનાવેલો. ભીલ, ગોંડ, અને એવા જ બીજા જેમને પહાડી અથવા જંગલી જાતિઓ જેવાં અનેક ભાતભાતનાં નામોથી ઓળખવામાં આવે છે તેમને માટે યોજાયેલા આ નવા શબ્દનો અક્ષરશઃ અર્થ દેશના અસલ વતનીઓ થાય છે ને તે હું માનું છું ઠક્કરબાપાએ બનાવેલો છે.

આદિવાસીઓની સેવા પણ રચનાત્મક કાર્યક્રમનું એક અંગ છે. આ કાર્યક્રમનાં જુદાં જુદાં અંગો ગણાવતાં ગણાવતાં તેમનો વારો છેક સોળમો આવ્યો પણ તેમનું મહત્ત્વ ઓછું સમજવાનું નથી. આપણો મુલક એટલો વિશાળ છે અને તેમાં વસતી જાતિઓ એટલી બધી ભાતભાતની છે કે આપણાં દેશનાં સર્વ વતનીઓને તેમનીએ દશા વિશે આપણામાંના સારામાં સારા લોકો પણ જેટલું જાણી લેવાની જરૂર છે તે બધું જાણવા ન પામે. આપણી પ્રજામાં સમાતા એકેએક ઘટકને બાકીના બીજા બધાં ઘટકોનાં સુખદુઃખ તે મારાં સુખદુઃખ છે એમ લાગે ને અપણે સૌ એક છીએ એ વાતનું જાગ્રત ભાન થાય તે સિવાય આપણા મુલકની વિશાળતા ને વિવિધતાની આ વાત સમજાતી જાય છે તેમ તેમ આપણે સૌ એક રાષ્ટ્ર છીએ એવો દાવો સાબિત કરવાનું કામ કેટલું અઘરું છે તેનું આપણને ભાન થાય છે.

આખા હિંદુસ્તાનમાં આ આદિવાસીઓની વસતી બે કરોડની છે. ઠક્કરબાપાએ ગુજરાતના ભીલોની સેવાનું કાર્ય વરસો પહેલાં શરૂ કરેલું . ૧૯૪૦ની સાલના અરસામાં થાણા જિલ્લામાં શ્રી બાળાસાહેબ ખેરે પોતાના સ્વાભાવિક ધગશથી આ

અત્યંત જરૂરી એવા સેવાના કાર્યમાં ઝંપલાવ્યું. અત્યારે તેઓ આદિવાસી સેવા મંડળ ના પ્રમુખ છે.

હિંદના બીજા ભાગોમાં આવા બીજા ઘણાં સેવકો કાર્ય કરે છે તે છતાં તેમની સંખ્યા હજી પૂરતી નથી. સાચે જ 'સેવાની ખેતીનો ફાલ બહોળો છે પણ તેના લણનારા થોડા છે'. અને એ વાતનો તો કોણ ઇનકાર કરશે કે આ જાતની બધી સેવા કેવળ માનવદયા પ્રેરિત સેવા નથી પણ સંગીન રાષ્ટ્રસેવા છે અને આપણને પૂર્ણ સ્વરાજ્યના ધ્યેયની વધારે નજદીક લઈ જાય છે?

## ૧૭. રક્તપિત્તના રોગીઓ

પતિયો એટલે કે રક્તપિત્તનો રોગી એ બદનામીનો શબ્દ છેરક્તપિત્તના . રોગીઓના ધામ તરીકે હિંદુસ્તાનનો નંબર મધ્ય આફ્રિકાથી બીજો આવેછેપણ . આપણામાંના સૌથી ચડિયાતા લોકોના જેવા જ આ રોગીઓ આપણા સમાજનું પણ બને છે એવું કે ટોચે બેઠેલા લોકોને સૌથી ઓછી જરુર હોવા છતાં .અંગ છે અને આ રક્તપિત્તના રોગીઓ .તેમના તરફ આપણા સૌનું ધ્યાન રોકાયેલું છે જેમની સંભાળ લેવાની સૌથી વધારે જરુર છે તેમને જાણી જોઈને તરછોડવામાં આવે છેઆ બેદરકારીને હૈયાસૂની કહેવાનું મને મન થાય છે અને અહિંસાની . હિંદુસ્તાનમાં કાર્ય કરતા .દ્રષ્ટિથી તો સાચે જ એને માટે બીજું વિશેષણ નથી ખ્રિસ્તી મિશનરીઓ એકલા પતિયાંની દરકાર રાખે છે ને તેટલા ખાતર તેમને જરૂર રક્તપિત્તના રોગીઓની સંભ .ધન્યવાદ ઘટે છોળ માટેની હિંદીઓ તરફથી ચાલતી એકમાત્ર સંસ્થા વર્ધાની પાસે શ્રી મનોહર દીવાન કેવળ પ્રેમભરી સેવા કરવાના આશયથી ચલાવે છેએ સંસ્થાને શ્રી વિનોબા ભાવેની પ્રેરણા તેમ જ . હિંદુસ્તાનમાં જો સાચે જ નવજીવનનો સંચાર થયો હોય .દોરવણી છે, અને આપણે સૌ જો સત્ય ને અહિંસાને માર્ગે ટૂંકામાં ટૂંકા વખતમાં પૂર્ણ સ્વરાજ મેળવવાને અંતરથી ઝંખતા હોઈએ તો હિંદમાં એક પણ રક્તપિત્તનો રોગી કે એક પણ ભિખારી વણનોંધાયેલો કે સંભાળ વગરનો રહે નહીંરચનાત્મક કાર્યક્રમની આ . સુધારેલી આવૃત્તિમાં આપણા રચનાકાર્યની સાંકળના એક અંકોડા તરીકે રક્તપિત્તના રોગીને અને તેની સેવાને હું મુદ્દામ ઉમેરું છું કેમ કે આજે આપણે ત્યાં પતિયાંની જે દશા છે તે જ, આપણે જો આપણી આજુબાજુ બરાબર ધ્યાનથી નિહાળીએ તો, સુધરેલી આધુનિક દુનિયામાં આપણી છેદરિયા પારના દેશોમાં .

આપણા ભાંડુઓની દશાનો ખ્યાલ કરવાથી મેં જે વાત કહી છે તે સાચી છે એમ સૌની ખ઼ાતરી થશે.

## ૧૮. વિદ્યાર્થીઓ

વિદ્યાર્થીઓને રચનાકાર્યની વાતમાં છેક છેવટે લેવાને માટે મેં અનામત રાખ્યા હતા. મેં હંમેશ તેમની સાથે ઘાટો સંબંધ રાખ્યો છે ને કેળવ્યો છે. વિદ્યાર્થીઓ મને ઓળખે છે ને હું તેમને ઓળખું છું. તેઓ મને ખૂબ કામ આવ્યા છે. કૉલેજોમાંથી નીકળેલા ઘણા વિદ્યાર્થીઓ આજે મારા કીમતી સાથીઓ છે. વળી વિદ્યાર્થીઓ ભાવિની આશા છે એ પણ હું જાણું છું. અસહકારની હિલચાલ પુરબહારમાં ખીલી ત્યારે પોતાની નિશાળો અને કૉલેજો છોડી દેવાને તેમને નોતરવામાં આવ્યા. મહાસભાની હાકલના જવાબમાં જે અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓ શાળાકૉલેજો છોડીને બહાર પડ્યા હતા તેમાંના કેટલાયે હજી રાષ્ટ્રકાર્યને મક્કમપણે વળગી રહ્યા છે ને તેથી તેમને પોતાને તેમ જ દેશને ઘણો ફાયદો થયો છે. એ હાકલ ફરી કરવામાં નથી આવી કારણ આજે તેને લાયકની હવા નથી. પણ તે વખતના અનુભવે એટલું બતાવ્યું કે ચાલુ કેળવણીનો મોહ જૂઠો ને અકુદરતી છે પણ દેશના યુવકોને એવો વળગ્યો છે કે તે તેમાંથી છૂટી શકતા નથી. કૉલેજની કેળવણી લેવાથી કરીઅર સહી થઈ જાય છે. વળી આપણા દેશમાં બ્રિટિશ અમલે ઉજળા લોકોનો જે વર્ગ પેદા કર્યો છે તેમાં પેસવાનો પરવાનો પણ કૉલેજની કેળવણીથી મળે છે. જ્ઞાનની ભૂખ જે સ્વાભાવિક ને ક્ષમ્ય ગણાય તે પૂરી કરવાને ચાલુ ચીલે ચડ્યા વિના આરો નથી. માતૃભાષાનું સ્થાન જે પડાવી લે છે તે સાવ પારકી ભાષા શીખવામાં પોતાનાં કેટલાંયે કીમતી વર્ષો બગડે છે તેની તેમને પડી નથી. વળી આમાં જે ગંભીર દ્રોહ થાય છે તેનું તો તેમને ભાન પણ નથી. આ વિદ્યાર્થીઓ ને તેમના શિક્ષકોના મનમાં કંઈ એવું ભૂત ભરાઈ ગયું છે કે આજના જમાનાના નવા

વિચારોનું તેમ જ આધુનિક વિજ્ઞાનનું જ્ઞાન મેળવવામાં આપણી ઘરની ભાષાઓ છેક નકામી છે. પેલા જાપાનના લોકો પોતાનું કેમ ચલાવતા હશે તેનું મને અચરજ થાય છે. કેમ કે હું સમજું છું તે મુજબ તેમની બધી કેળવણી જાપાની ભાષામાં અપાય છે. વળી ચીનના સૌથી વડા અધિકારી જનરલ લેસીમો ચાંગ કાઈ શૅકને અંગ્રેજી આવડતું હશે તોયે નહીં જેવું જ આવડે છે.

પણ આપણા આ વિદ્યાર્થીઓ જે છે તે છે અને એ જ જુવાન સ્ત્રીઓ ને પુરુષોમાંથી રાષ્ટ્રના ભાવિ આગેવાનો ઘડાવાના છે. કમનસીબ એ છે કે તેમના પર નહીં નહીં તે પવનની અસર થાય છે. અહિંસાનું તેમને ઝાઝું ખેંચાણ નથી. ફટકાના બદલામાં સામો પટકો બલ્કે એકની સામે બે ફટકાની વાત સહેજે ગળે ઊતરે તેવી ને ભાવી જાય તેવી છે. તેનાથી ક્ષણજીવી કાં ન હોય પણ ઝટ પરિણામ આવતું દેખાય છે. લડાઈના હંગામમાં જનાવરો અથવા માણસો વચ્ચે પાશવી એટલે કે હિંસાની શક્તિની જે કાયમ ચાલતી આવેલી ચડસાચડસી આપણને જોવાની મળે છે તે જ આ વાત છે. અહિંસાને બરાબર ઓળખવાને ધીરજભરી શોધખોળ અને તેથીયે વધારે ચીવટભર્યા તેમ જ મુશ્કેલ અમલ કે આચરણની જરૂર પડે છે. કિસાનો અને મજૂરોની બાબતમાં જે કારણોસર મેં મારો રસ્તો પસંદ કર્યો છે તે જ કારણોસર વિદ્યાર્થીઓના દિલનો કબજો મેળવવાને ઉમેદવાર લોકો સાથેની હરિફાઈમાં હું પડ્યો નથી. પણ વિદ્યાર્થી શબ્દનો વધારે બહોળો અર્થ કરો તો હું પણ તેમનો વિદ્યાર્થીબંધુ છું. મારી યુનિવર્સિટીમાં દાખલ થવાનું મારું તેમને કાયમનું નોતરું છે. તેમાં દાખલ થવાની શરતો આ રહી:

૧. વિદ્યાર્થીઓએ પક્ષાપક્ષીના રાજકારણમાં કદી ન પડવું. વિદ્યાર્થીઓ વિદ્યાના ખોળનારા ને જ્ઞાનનાં શોધનારા છે, રાજકારણના ખેલાડીઓ નથી.

૨. તેમણે રાજકીય હડતાળો ન પાડવી. વિદ્યાર્થીઓ વીરોની પૂજા ભલે કરે, તેમણે કરવી જોઈએ; પણ પોતાના વીરો જેલમાં જાય, કે અવસાન પામે, બલ્કે તેમને

ફાંસીએ ચડાવવામાં આવે તે પ્રસંગોએ તેમના તરફની પોતાની ભક્તિ પ્રગટ કરવાને તે વીરોના ઉત્તમ અંશોનું તેમણે અનુકરણ કરવું જોઈએ, હડતાળો ન પાડવી જોઈએ. એવા પ્રસંગોએ વિદ્યાર્થીઓનો શોક અસહ્ય થાય અને એકેએક વિદ્યાર્થીની એવી લાગણી થાય તો પોતપોતાની સંસ્થાના વડાની સંમતિથી નિશાળો ને કૉલેજો બંધ રાખવામાં આવે. સંસ્થાના વડાઓ વિદ્યાર્થીઓની વાત કાને ન ધરે તો તેમને ઘટતી રીતે, સભ્યતાથી પોતપોતાની સંસ્થાઓમાંથી બહાર નીકળી જવાની અને વ્યવસ્થાપકો પસ્તાઈને પાછા ન બોલાવે ત્યાં સુધી પાછા ન જવાની છૂટ છે. કોઈ પણ સંજોગોમાં અથવા કોઈ પણ હિસાબે જુદો મત ધરાવનારા વિદ્યાર્થીઓ કે શાળાકૉલેજઓના અધિકારીઓ પર તેમણે જબરદસ્તી ન કરવી. તેમને એટલો ભરોસો હોવો જોઈએ કે, આપણે જો આપણા મોભાને ઘટતું વર્તન રાખીશું ને સંપીને એક રહીશું તો આપણી જીત જ છે.

૩. તેમણે બધાએ સેવાને અર્થે શાસ્ત્રીય રીતે કાંતવું જોઈએ. કાંતવાનાં પોતાનાં સાધનો ને બીજાં ઓજારો તેઓ હંમેશ સ્વચ્છ, સુઘડ ને સારી સ્થિતિમાં તેમ જ વ્યવસ્થિત રાખે. બની શકે તો પોતાનાં હથિયારો, ઓજારો અથવા સાધનો જાતે જ બનાવવાનું શીખી લે. અલબત્ત તેમનું કાંતેલું સૂતર સૌથી ચડિયાતું હશે. કાંતણને લગતા બધા સાહિત્યનો અને તેમાં સમાયેલાં આર્થિક, સામાજિક, નૈતિક, અને રાજકીય એ બધાં રહસ્યોનો તે સૌ અભ્યાસ કરે.

૪. તેઓ પહેરવાઓઢવામાં બધે કેવળ ખાદી વાપરે, અને ગામડાંમાં બનેલી ચીજોને બદલે તેવી પરદેશી કે સંચાની બનેલી કદી ન વાપરે.

૫. બીજા લોકો પર વંદે માતરમ્ ગાવાની કે રાષ્ટ્રધ્વજ રાખવાની જબરદસ્તી તેઓ ન કરે. રાષ્ટ્રધ્વજવાળાં ફૂલ તે લોકો પોતાના અંગ પર પહેરે પણ બીજા લોકોને તેમ કરવાની ફરજ ન પાડે.

૬. ત્રિરંગી ધ્વજનો સંદેશો પોતાના જીવનમાં ઉતારી દિલમાં કોમવાદ કે અસ્પૃશ્યતાને પેસવા ન દે. બીજા ધર્મોના વિદ્યાર્થીઓ અને હરિજનો પોતાનાં ભાંડુઓ હોય તેમ તેમની સાથે તેઓ સાચી દોસ્તી બાંધે.

૭. ઈજા પામેલા પોતાના પડોશીઓની મદદે વિદ્યાર્થીઓ તરત દોડી જાય, આજુબાજુનાં ગામોમાં સફાઈનું તેમ જ ભંગીકામ કરે અને તે ગામોમાં મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષો તેમ જ બાળકોને ભણાવે.

૮. હિંદુસ્તાનીનું આજે જે બેવડું સ્વરૂપ મુકરર થયું છે તે મુજબ તેની બંને શૈલીઓ ને તેની બંને લિપિઓ સાથે તેઓ રાષ્ટ્રભાષા હિંદુસ્તાની શીખી લે જેથી હિંદી કે ઉર્દૂ બોલાય અથવા નાગરી કે ઉર્દૂ લિપિ લખાય ત્યારે તેમને અજાણ્યું ન લાગે.

૯. વિદ્યાર્થીઓ જે જે નવું શીખે તે બધું પોતાની માતૃભાષામાં ઉતારે અને દર અઠવાડિયે આસપાસનાં ગામડાંમાં પોતાનો વારો ફરવા નીકળે ત્યારે ત્યાં બધે લેતા જાય ને પહોંચાડે.

૧૦. તેઓ કશું છૂપી રીતે ન કરે, જે કરે તે છડેચોક કરે. પોતાના એકેએક વહેવારમાં તેમનું વર્તન અણિશુદ્ધ હોય. પોતાનું જીવન સંયમી ને નિર્મળ રાખે. કોઈ વાતથી ન ડરતાં નિર્ભય રહી પોતાના દૂબળા વિદ્યાર્થીબંધુઓના બચાવમાં તત્પર રહે, અને રમખાણો થાય ત્યારે પોતાના જાનને ભોગે અહિંસક વર્તનથી તેમને શમાવવાને તૈયાર રહે. અને સ્વરાજ્યની આખરી લડત જાગે ત્યારે પોતાની સંસ્થાઓ છોડી તેમાં ઝંપલાવે ને જરૂર પડે તો દેશની આઝાદીને અર્થે પોતાના જાન કુરબાન કરે.

૧૧. પોતાની વિદ્યાર્થી બહેનો સાથે તદ્દન સ્વચ્છ ને સભ્યતાનું વર્તન રાખે.

અહીં સુધી વિદ્યાર્થીઓને માટે જે કાર્યક્રમ મેં બતાવ્યો છે તેના અમલને માટે તેમણે વખત કાઢવો જોઈશે. તેઓ આળસમાં ઘણો વખત બગાડે છે તે હું જાણું છું. કડક

કરકસર કરીને તેઓ ઘણા કલાકો મેં બતાવેલા કામને માટે ફાજલ પાડી શકે. પરંતુ કોઈ પણ વિદ્યાર્થી પર અણઘટતો ભાર નાખવાનો મારો ઇરાદો નથી. તેથી દેશ માટે પ્રીતિ રાખનારા વિદ્યાર્થીઓને મારી એવી સલાહ છે કે પોતાના અભ્યાસના સમયમાંથી એક વર્ષ તેમણે આને માટે ફાજલ પાડવું; અને હું એમ નથી સૂચવતો કે એકી વખતે અને આખું વરસ તેઓ આપે; મારી સલાહ એ છે કે અભ્યાસના આખા ગાળા પર તેઓ એ વરસ વહેંચી નાખે ને કટકે કટકે પૂરું કરે. તેમને જાણીને અચરજ થશે કે આ રીતે કાઢેલું તેમનું વર્ષ ફોકટ નથી જતું. એ વખત દરમ્યાન કરેલી મહેનતથી દેશની આઝાદીની લડતમાં સંગીન ફાળો ભરવા ઉપરાંત તેમણે પોતાની માનસિક, નૈતિક તેમ જ શારીરિક શક્તિઓમાં કેટલોયે ઉમેરો કર્યો હશે.

## સવિનયભંગનું સ્થાન

આ પાનાંઓમાં મેં એમ જણાવ્યું છે કે રચનાત્મક કાર્યક્રમના અમલમાં આપણે આપણી આખી પ્રજાનો સહકાર મેળવી શકીએ તો શુદ્ધ અહિંસક પુરુષાર્થથી આઝાદી હાંસલ કરવામાં સવિનયભંગની લડતની જરૂર પડે જ એવું નથી. પણ શું વ્યક્તિ કે શું રાષ્ટ્ર કોઈનું એવું સારું નસીબ ભાગ્યે જ હોય. તેથી સમસ્ત રાષ્ટ્રવ્યાપી અહિંસક પુરુષાર્થમાં સવિનયભંગની લડતનું સ્થાન શું છે તે સમજી લેવાની જરૂર છે.

સવિનયભંગ ત્રણ જુદાં જુદાં કામ બજાવે છે:

૧. કોઈક એક સ્થાનિક અન્યાય કે ફરિયાદનું નિવારણ કરવાને સવિનયભંગની લડત પૂરેપૂરી કામ આવે.

૨. કોઈ એક ચોક્કસ અન્યાય કે ફરિયાદની કે અનિષ્ટની સામે તેને દૂર કરવાની બાબતમાં ખાસ કશી અસર પાડવાનો ઇરાદો રાખ્યા વિના તે અન્યાય કે ફરિયાદ કે અનિષ્ટનું સ્થાનિક પ્રજાને ભાન કરાવવાને અથવા તેના દિલ પર અસર કરવાને કુરબાની આપવાના આશયથી પણ કાયદાનો સવિનયભંગ થઈ શકે. મારા કાર્યની શી અસર થશે તેની ગણતરી કર્યા વિના અને લોકો કદાચ કશીએ લાગણી નહીં બતાવે તે હું બરાબર જાણતો હતો છતાં ચંપારણમાં મેં કાયદાનો સવિનયભંગ કરેલો તે આ જાતનો હતો. મારા કાર્યનું પરિણામ અણધારેલું જુદું આવ્યું તેને સૌ પોતાને રુચે તેમ ઈશ્વરની મહેરબાની કે નસીબનો ખેલ માને.

3. રચનાત્મક કાર્યનો પૂરતો જવાબ ન મળે તો તેની અવેજીમાં ૧૯૪૧ની સાલમાં ઉપાડવામાં આવી હતી તે રીતે સવિનય કાનૂનભંગની લડત ઉપાડી શકાય. તે લડત આપણી આઝાદીની સળંગ લડતના ભાગ લેખે અને તેમાં ફાળો ભરવાના

ઉદ્દેશથી ઉપાડવામાં આવી હતી છતાં વાણીસ્વાતંત્ર્યના ચોક્કસ મુદ્દા પૂરતી મર્યાદિત રાખવામાં આવી હતી. સવિનયભંગની લડત કોઈ એક મોઘમ હેતુને માટે, જેમ કે, પૂર્ણ સ્વરાજને માટે ન થઈ શકે. લડતની માગણી ચોક્કસ, સામા પક્ષને સ્પષ્ટ સમજાય તેવી ને તેનાથી પૂરી પાડી શકાય તેવી હોવી જોઈએ. આ પદ્ધતિ જો બરાબર અમલમાં મુકાય તો આપણને ઠેઠ આપણા અંતિમ લક્ષ્ય સુધી જરૂર લઈ જાય.

અહીં સવિનયભંગનું આખું ક્ષેત્ર અથવા તેની બધી શક્યતાઓની તપાસ મેં માંડી નથી. વાચકને રચનાત્મક કાર્યક્રમ અને સવિનયભંગનો સંબંધ સમજવામાં કામ આવે તેટલા ખાતર જેટલો છેડવો જોઈએ તેટલો જ તે વિષય મેં અહીં છેડ્યો છે. અહીં ગણાવેલા પહેલા બે દાખલાઓમાં મોટા પાયા પરની રચનાત્મક પ્રવૃત્તિની જરૂર નહોતી, ને હોય નહીં. પણ કાયદાના સવિનયભંગ મારફતે પૂર્ણ સ્વરાજ સિદ્ધ કરવાનો આશય હોય તો પહેલેથી તૈયારી કરવાની જરૂર રહે છે અને તે તૈયારીને જે જે લોકો તે તે લડતમાં ભાગ લેતા હોય તેમના સહેજે દેખાય તેવા તેમ જ બરાબર સમજપૂર્વક આદરેલા પુરુષાર્થનો આધાર હોવો જોઈએ. આ રીતે સવિનયભંગ લડત લડનારા લોકોને ઉત્સાહ ને સામાવાળાને પડકાર આપે છે. વળી વાચકને એટલું સમજાયું હશે કે પૂર્ણ સ્વરાજની સિદ્ધિ માટેની સવિનયભંગની લડત આપણી કરોડોની વસ્તીની રચનાકાર્ય માટેના સહકાર વિના કેવળ મોટી મોટી ને ખાલી બડાશોનું રૂપ લે છે ને તદ્દન નકામી બલ્કે નુકસાનકારક છે.

## ઉપસંહાર

રાષ્ટ્રીય મહાસભાની વતી અથવા તેની મધ્યસ્થ કચેરીના કહેવાથી લખાયેલો રચનાકાર્ય વિશેનો આ કોઈ નિબંધ નથી. સેવાગ્રામમાં મારા કેટલાક સાથીઓ જોડે મારે જે વાતોચીતો થયેલી તેમાંથી આ લખાણ નીપજ્યું છે. રચનાત્મક કાર્યક્રમ અને સવિનય કાનૂનભંગની લડત એ બે વચ્ચેનો સંબંધ તેમ જ તે કાર્યક્રમનો અમલ કેમ કરવો તે બતાવનારા મારા હાથના લખાણની ખોટ તેમને લાગતી હતી. આ ચોપડીમાં તે ખોટ પૂરવાનો મારો પ્રયાસ છે. રચનાત્મક કાર્યક્રમની સંપૂર્ણ વિચારણા કરવાનો અથવા તેની એકેએક વિગત ચર્ચવાનો આ લખાણનો આશય નથી, પણ જે રીતે તે કાર્યક્રમનો અમલ થઈ શકે અથવા કરવો જોઈએ તે રીત બતાવવાને તે પૂરતું છે.

અહીં ગણાવેલી બાબતોમાંથી કોઈ પણ એકને પૂર્ણ સ્વરાજની સ્થાપના માટેની લડતના એક અંગ લેખે બતાવેલી જોઈને કોઈ વાચક તેની હાંસી ઉડાવવાની ભૂલમાં ન પડે. અહિંસા અથવા પૂર્ણ સ્વરાજની સ્થાપના સાથે સંબંધ જોડ્યાં વિના ઘણાયે લોકો ઘણાં નાનાંમોટાં કામો કર્યા કરે છે. અને તેથી તે કામોનું કુદરતી રીતે જ જેટલું ધારેલું હોય તેટલું મર્યાદિત ફળ મળે છે. એક સેનાપતિ સામાન્ય શહેરી તરીકેના પોશાકમાં ફરતો હોય તો આ કોણ છે એમ કોઈ પૂછે નહીં, પણ તે જ પોતાના હોદ્દાના પોશાકમાં બહુ મોટો બની જાય છે ને તેના એક બોલ પર લાખો લોકોના જીવનમરણનો આધાર રહે છે. તેજ પ્રમાણે એક ગરીબ વિધવાના હાથમાં ફરતો રેંટિયો બહુ તો તેને પૈસા બે પૈસાની કમાણી કરાવે, પંડિત જવાહરલાલના હાથમાં તે હિંદની આઝાદીનું હથિયાર બની જાય. રેંટિયાને આપણે જે હોદ્દો આપ્યો છે ને તેને આપણે જે કામ સોંપ્યું છે તેથી તેને મોભો મળ્યો છે. રચનાત્મક

કાર્યક્રમને જે કામ સોંપવામાં આવ્યું છે ને તેને લીધે તેને જે અધિકાર મળ્યો છે તેનાથી તેને અસાઅધારણ મોભો ને અમોઘ સત્તા મળી છે.

આ જાણે કે મારો અભિપ્રાય થયો. એ અભિપ્રાય એક પાગલની ધૂન પણ હોય. મારો અભિપ્રાય મહાસભાવાદીઓને માન્ય ન હોય તો તેમણે મને પડતો મૂકવો જોઇએ. કેમકે રચનાત્મક કાર્ય ક્રમ વિનાની સવિનયભંગની લડત હું લડવા જાઉં તો લકવાથી જૂઠો પડેલો હાથ ચમચો ઉપાડવા જાય તેના જેવું થાય

પૂના, ૧૩૧૯૪૫-૧૧-